ॐ

# અધ્યાત્મ

વર્ષ : ૭ અંક : ૪ જાન્યુઆરી : ૧૯૮૬

## સદ્ભાવભરી ભેટ

સદ્ભાવભરી ભેટનો સ્રોત પ્રભુકૃપાથી વહેતો જ રહે છે. આવી સહાય મોકલનાર સહુને અભિનંદન.

૧૦૧ શ્રી કૈલાસબેન ધનસુખલાલ પટેલ, અમદાવાદ બેન તૃપ્તિ ધોરણ બારમાં પાસ થવાથી.

૧૫ ચિ. હીરલ પિનાકીન્ જાની વલસાડ, જન્મદિન નિમિત્તે.

૧૧ શ્રી કલ્યાણરાય છાયા, નૂતનવર્ષ નિમિત્તે.

૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી. સ્વ. પિતાજી તથા માતાજીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે.

૫૧ શ્રી વિનોદભાઈ અમીન, વડોદરા બેન હેમાના લગ્ન નિમિત્તે.

૧૧ ચિ. તૃપ્તિબેન ધોરણ બારમા પ્રથમ વર્ગમાં પાસ થવાથી.

૫૧ શ્રી ગોરધનભાઈ કલોલા, મોરબી. પુત્રી જયશ્રીના લગ્ન નિમિત્તે.

૫૧ શ્રી હંસાબેન વડોદરા તરફથી બેન કૃતિકા બારમામાં પાસ થવાથી.

૨૧ પિનાકીન્ એન. જાની, વલસાડ. ચિ. જાગ્રતના જન્મદિન નિમિત્તે.

૨૭ શ્રી ભૂપેન્દ્રભાઇ સુતરિયા, જુદાજુદા ચાર સંકલ્પોની પૂર્તિ માટે.

*——*

## દિલગીર છીએ

નવેમ્બર, ૮૫નો અંક દિવાળી, પ્રેસના મકાનનું સ્થળાંતર તેમજ કાગળોની તકલીફને લીધે ચૌદ દિવસ મોડો રવાના થઈ શક્યો. તેથી ગ્રાહકોને તકલીફ પડી તે બદલ દિલગીર છીએ.

—તંત્રી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૭ અંક : ૪ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, પીરછલ્લા ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| વર્તમાન જીવન-આત્મ સાક્ષાત્કારની ઉત્તમ તક | યોગેશ્વરજી | ૩ |
| પાત્રતા | રાજેન્દ્ર જાની | ૬ |
| જીવનયાત્રાના પુનિત પગલે | નારાયણ જાની | ૧૦ |
| પ્રાર્થના | રણજિત પટેલ | ૧૬ |
| એક વિરલ સંકીર્તન યાત્રા | — | ૧૭ |
| સ્વયંભૂજીનાં-કથન | હસમુખભાઈ દવે | ૨૩ |
| આંતર નિરીક્ષણ | જે. કૃષ્ણમૂર્તિ | ૨૫ |
| મારી યાત્રા | કનૈયાલાલ ઝીંઝુવાડીયા | ૨૭ |
| ઓળખો આપણા મનને (૩) | મંગળભાઇ પંચાલ | ૩૪ |
| દિવ્ય કૃપાને ઢાળો | યોગેશ્વર | ૪૦ |
| ગુરુ પ્રસાદી | સતીષ ભક્ત | ૪૧ |
| માગો | ભગવાન ઇસુ | ૪૨ |
| ગુણોનાં લક્ષણ | સુરેશ દવે | ૪૩ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૪૪ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૭ જાન્યુઆરી-૧૯૮૬ અંક : ૪


## વર્તમાન જીવન-આત્મ સાક્ષાત્કારની ઉત્તમ તક

ભારતમાં બધે ઠેકાણે એક જાતની એવી સર્વસામાન્ય મનોવૃત્તિનું દર્શન થાય છે. લોકોને પૂછીએ છીએ કે જપ શા માટે કરો છો, ધ્યાન શા માટે ધરો છો, તીર્થયાત્રાએ કેમ નીકળો છો, અને દાન, પુણ્ય કે ધર્મ કેમ કરો છો, તો લગભગ એક જ સરખો ઉત્તર મળ્યા કરે છે કે પુણ્યનો સંચય કરવા તથા પરલોકમાં સુખી થવા. શરીર છૂટ્યા પછી જીવનની સદ્‌ગતિ થાય તથા સ્વર્ગાદિ લોકમાં રહેવાનું અને એશઆરામ કરવાનું મળે એ જ અમારું લક્ષ્ય છે. એ લક્ષ્યથી પ્રેરાઈને જ અમે ધાર્મિક ક્રિયાઓ કર્યા કરીએ છીએ. આ લોકમાં તો જેમતેમ કરીને જીવી રહ્યા છીએ, પરંતુ પરલોકને નથી બગાડવો. પરલોકમાં આ લોકને દુર્લભ ભોગ-પદાર્થોની પ્રાપ્તિ થશે ને સુખી થવાશે તો ઘણું છે. એવી રીતે ધર્મકર્મ કરનારા લોકોની વૃત્તિ વધારે ભાગે પરલોકવાદી બની ગઇ છે. ધર્માનુષ્ઠાન કે સત્કર્મને આ જીવન અને આ લોકની સાથે કોઇ સંબંધ જ ના હોય, અને પરલોકના અથવા તો વર્તમાન જીવન પછીના બીજા જીવનના સુખોપભોગ સાથે જ લેવાદેવા હોય, એવું મનાવા

લાગ્યું છે. એટલે એના સ્વાભાવિક પરિણામ રૂપે ધર્મનું અનુષ્ઠાન કરીને આ લોકમાં જ સુખશાંતિ પ્રાપ્ત કરવાની ને વર્તમાન જીવનને જ સત્ત્વશીલ કે સમૃદ્ધિશાળી બનાવવાની વૃત્તિ ભાગ્યે જ સેવાય છે. એ તરફ લક્ષ પણ ઓછું રહે છે અને એને માટેના પ્રયત્નો પણ ભાગ્યે જ કરવામાં આવે છે.

આથી પ્રશ્ન એ થાય છે અને કેટલાય લોકો તરફથી આવો પ્રશ્ન પૂછવામાં પણ આવે છે કે ભારતનો ધર્મ શું આવો ઉધાર છે? એને આ લોકની સાથે કશો જ સંબંધ નથી? એનું અનુષ્ઠાન પરલોકને લક્ષ્ય કરીને જ, પરલોકના સુખોપભોગને માટે જ કરવામાં આવે છે. અને સાંપ્રત જીવનની એ સદાને માટે ઉપેક્ષા કરે છે? એની મદદથી વર્તમાન જીવનની સમસ્યાઓનો ઉકેલ કરીને એને સુખી ને સમૃદ્ધ ના બનાવી શકાય? એ ધર્માચરણનું ફળ આ જીવનમાં તો પ્રાપ્ત નહિ જ થવાનું. એનો અર્થ એ કે એને માટે પરલોકમાં જ પ્રતીક્ષા કરવાની એમ ને? અને પરલોકમાં એ ફળ મળશે, એની ખાત્રી શી? અરે પરલોકની પોતાની જ ક્યાં ખાતરી છે? એના અસ્તિત્વમાં જ શંકા છે અને ધારો કે શંકા ના હોય તોપણ, કેવળ પરલોકનો વિચાર કરીને ધર્માચરણ કરવું અને આ લોક તરફ બીલકુલ ઉદાસીન રહેવું. એ શું બુદ્ધિસંગત છે? એવા ધર્માચરણને અને એના ઉપદેશ આપનારા ધર્મને આદર્શ કેવી રીતે કહી શકાય?

આવી પ્રશ્ન પરંપરા પેદા થાય એ સ્વાભાવિક છે. એ પ્રશ્ન પરંપરાને અને એની પાછળ કામ કરનારા મનને સહાનુભૂતિથી સમજી શકાય છે. એટલા માટે તો એના ઉત્તરમાં આપણે કહીએ છીએ કે ભારતીય ધર્મ તથા ધર્માચરણ તમે જેમ માનો છો તેમ ઉધાર નથી; પરંતુ નગદ છે. પરલોકનો સ્વીકાર ને વિચાર એમાં કરવામાં આવ્યો છે એ સાચું છે, પરંતુ એકલા પરલોકને જ



લક્ષ્ય કરીને ધર્માનુષ્ઠાન કરવું એવું નથી કહેવામાં આવ્યું. આ લોક તથા વર્તમાન જીવન એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, કેન્દ્રસ્થાને છે, તથા તેને સુધારવા, શીલવાન કરવા, શક્તિશાળી બનાવવા તેમ જ સુખશાંતિથી સંપન્ન કરવા માટે જ એનો આશ્રય લેવાનો છે. માણસ તન, મન અને અંતરનાં અથવા તો અવિદ્યાના પરિણામે પેદા થયેલાં અહંતા, મમતા, આસક્તિ અને રાગદ્વેષનાં જે અનેકાનેક બંધનોથી બંધાયેલો છે, તે બંધનોમાંથી મુક્ત કરીને આત્માના અપરોક્ષ અનુભવદ્વારા એને પરમ શાંતિ ને પૂર્ણતાની મૂર્તિ બનાવી દેવો એ ધર્મનું પ્રયોજન કે લક્ષ્ય છે, અને એ લક્ષ્યની સિદ્ધિ આ વર્તમાન જીવનમાં તથા આ લોકમાં જ કરી લેવાની છે. બીજા જીવનમાં તથા બીજા લોકમાં નહિ. એ વાત ભારતના ધર્મગ્રંથોએ કેટલેય ઠેકાણે સ્પષ્ટ કરી છે. એના પ્રતિનિધિત્વ રૂપે જ ઉપનિષદે પેલી વિચારધારા રજૂ કરી છે કે **इह चेदवेदीदथ सत्यमस्ति, न वेदिहा वेदीत् महती विनष्टिः ।** જો આ જીવનદ્વારા આ લોકમાં જ આત્માને જાણી લીધો તો તો ઘણું સારું થયું : કિન્તુ જો આ લોકમાં, આ જીવનદ્વારા આત્મદર્શન ના કર્યું તો મોટું નુકસાન થયું અથવા તો સર્વનાશ થઇ ગયો. માટે **उत्तिष्ठत** ઊઠો **जाग्रति** જાગો **प्राप्य वरान्निबोधत** મહાનપુરુષોની પાસે પહોંચીને આત્મા વિષે જાણી લો.

—યોગેશ્વર

# પાત્રતા

રાજેન્દ્ર એન. જાની

આપણે ઘણીવાર જોઇએ છીએ કે કોઇ સંતપુરુષ પાસે વર્ષોથી રહેતા સાધકો કે ભકતો કરતાં, કોઇ અજાણ્યો પાછળથી આવેલો ભક્ત ઘણું બધુ પામી જાય છે, ઘણો આગળ નીકળી જઇ પોતાના જીવનની સાધનાની મંજિલ સુધી પહોંચી જાય છે. આપણને ત્યારે આશ્ચર્ય થાય છે. પરંતુ તેની પાછળ ચોક્કસ રહસ્ય રહેલું છે; અને તે છે પાત્રતા.

કોઈપણ વસ્તુનો સ્વીકાર કે અસ્વીકાર વ્યક્તિની પાત્રતા ઉપર આધાર રાખે છે. સૂર્યનાં કિરણો એક સરખાં પૃથ્વી પર આવે છે; પરંતુ માટીના ઢેફામાં એનું પ્રતિબિંબ ઉઠતું નથી, જ્યારે મણિ એનો પ્રકાશ એકદમ ગ્રહણ કરી પ્રતિબિંબિત કરે છે. મનુષ્યોમાં પણ આવા જ પાત્રતાના ભેદો જોવા મળે છે. એટલે જ પ. પૂ. રામાનંદ સ્વામીએ વર્ષો જૂના અનુભવી શિષ્ય મુકતાનંદ સ્વામીને બાજુ પર રાખી, માત્ર બેત્રણ વર્ષ પહેલાં જ આવેલાં, કેવળ અઢાર ઓગણીસ વર્ષના શ્રી નીલકંઠવર્ણીને પોતાના ઉત્તરાધિકારી નીમી ગાદીએ બેસાડયા ને શ્રી સહજાનંદ સ્વામી નામ આપ્યું, જે પાછળથી સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક થયા.

એવું જ થયું પ. પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનમાં. તે મહાપુરુષે પણ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની પૂર્ણ પાત્રતા પારખી લઈને, એમને અપનાવ્યાં, સાથે રાખ્યાં ને જીવન અને સાધનાંના અનેક ગૂઢ રહસ્યોની એમને દીક્ષા દઈ, પોતાનાં ઉત્તરાધિકારી બનાવ્યાં. આ બધું કેટલી ઝડપથી એ મહાપુરુષે કર્યું–



તેની આપણને કલ્પના પણ ન આવે એટલા માત્ર ચાર વર્ષના ટૂંકા ગાળામાં. એનું કારણ એક જ હતું કે પૂ. માશ્રી સર્વેશ્વરીએ આ બધાં સાધનાત્મક રહસ્યો સમજવાની, ઝીલવાની અને આત્મસાત્ કરવાની પોતાની પાત્રતા પૂર્ણપણે વિકસાવી હતી. કેળવેલી ફળદ્રુપ જમીનમાં નાંખેલું બીજ ઝડપથી ઊગી ઊઠે છે ને પાંગરે છે.

ભગવાન ઇસુએ પણ પોતાના શિષ્યોને ઉપદેશ આપતાં આ પાત્રતાના ભેદો બાઈબલમાં સરસ રીતે દર્શાવ્યા છે.

ઇસુએ લોકોને કહ્યું, ''એકવાર ખેડૂત બી વાવવા માટે પોતાના ખેતરે ગયો.

ખેતરમાં બી વાવતાં કેટલાંક રસ્તા પર પડ્યાં ત્યાં તે લોકોના પગ નીચે કચડાઈ ગયાં અથવા પક્ષીઓ આવીને તે ખાઈ ગયાં. બીજાં કેટલાંક ખડકાળ જમીન પર પડ્યાં, તેમાંથી ફણગા તો ફૂટી નીકળ્યા, પણ જમીન સૂકી ભઠ હોવાથી સૂકાઇ ગયાં.''

કેટલાંક બી કાંટા ઝાંખરાં મધ્યે પડ્યાં, છોડની સાથે કાંટા ઝાંખરાં પણ વધ્યાં; અને તેઓએ ઝડપથી વધીને છોડને દાબી દીધા. પણ કેટલાંક બી સારી ફળદ્રુપ જમીનમાં પડ્યાં, તેના છોડ વધ્યા અને સોગણો પાક ઊતર્યો.

લોકો આ સાંભળી વિચારમાં પડ્યા. એમણે ઘણું વિચાર્યું પરંતુ આ વાતનું પૂરું રહસ્ય જ્યારે તેઓના સમજવામાં ન આવ્યું ત્યારે તેઓએ ભગવાન ઇસુને એનો અર્થ સમજાવવા પ્રાર્થના કરી.

ભગવાન ઇસુએ કહ્યું: ''ઈશ્વરનાં અનેક રહસ્યો લોકો આગળ છતાં કરવામાં આવ્યાં છે, પરંતુ પાત્રતા વિના તેઓ તે સમજી

શકતા નથી. મેં સંભળાવેલી વાર્તાનો અર્થ આ પ્રમાણે છેઃ-

કેટલાંક બી રસ્તા પર પડ્યાં એનો અર્થ એ છે કે કેટલાંક માણસો ઇશ્વરનો સંદેશો સાંભળે છે, પણ શેતાન આવીને તેમના હૃદયમાંથી એ સંદેશો લઇ જાય છે. તેથી તેઓ ઇશ્વર પર શ્રદ્ધા રાખી શકતા નથી; અને નવું જીવન પ્રાપ્ત કરી શકતા નથી.

કેટલાંક બી ખડકાળ જમીન પર પડ્યાં, એનો અર્થ એ છે કે તેઓએ પ્રભુનો સંદેશો સાંભળ્યો ખરો, તેને આનંદથી સ્વીકારી પણ લીધો, પરંતુ તે સંદેશો હૃદયમાં ઊંડે ઉતરતો નથી. થોડોક સમય તેઓ ઇશ્વર પર શ્રદ્ધા રાખે છે, પણ કસોટીનો સમય આવતાં તેમની શ્રદ્ધા ઊઠી જાય છે-ડગી જાય છે.

કેટલાંક બી કાંટા ઝાંખરામાં પડ્યાં, એનો અર્થ એ છે કે કેટલાક લોકો પ્રભુનો સંદેશ સાંભળે છે, પણ દુનિયાની ચિંતાઓ, અને દ્રવ્ય પ્રત્યેનો પ્રેમ, લાલસા તથા જીવનના મોજશોખ આડે આવે છે. એથી ઇશ્વર એમના જીવનને જે રીતે ઘડવા માગે છે, તેમાં આવા નાં અવરોધરૂપ બને છે. એટલે પ્રભુમય જીવન બનતું નથી.

છેવટે જે કેટલાંક બી સારી ફળદ્રુપ જમીન પર પડ્યાં એનો અર્થ એ છે કે કેટલાક યોગ્ય પાત્રતા ધરાવતા લોકોએ તે સંદેશો સાંભળ્યો અને તેને સંપૂર્ણપણે અનુસરી જીવન પ્રભુમય બનાવે છે. તેઓ હંમેશાં ઇશ્વર પર ભરોસો રાખે છે અને ઇશ્વરની ઇચ્છા પ્રમાણે જીવન જીવે છે."

અહીં ભગવાન ઇસુએ પ્રભુના સંદેશાની જે વાત કરી છે, તે સંત મહાત્માઓ કે સાધુ પુરુષોએ આપેલો સદુપદેશ



ગણી શકાય. તે ઉપદેશો આપણી પાત્રતા વિના આપણા હૃદયમાં ઠરતા નથી. અને ચારણીમાંથી જેમ અનાજના દાણા નીચે સરી જાય, અથવા તો કાણા વાસણમાંથી જેમ પાણી કે દૂધ વહી જાય, એમ જીવનમાં કશી જ અસર ઉપજાવ્યા વિના, તે એક કાનેથી સાંભળી, બીજા કાનેથી બહાર નીકળી જાય છે. સાંભળ્યાનો પરિશ્રમ વૃથા ઠરે છે.

એટલે સૌ પ્રથમ આત્મિક માર્ગે આગળ વધવા ઇચ્છતા સાધકે પાત્રતા કેળવવાની રહે. એનું ધ્યાન સાધકે રાખવું જ જોઇશે; નહિ તો સિંહણનું દૂધ જેમ સુવર્ણ સિવાયના પાત્રમાં રહેતું નથી, તેમ સંતપુરુષોના સદુપદેશો ત્યાગ અને વૈરાગ્ય વિનાના હૃદયમાંથી નીકળી જશે. માત્ર સાંભળવાનો કે વાંચવાનો સંતોષ જ મનમાં રહેશે. વ્યાવહારિક જીવનમાં એની કોઇ અસર જણાશે નહિ; તેમજ આત્મિક વિકાસની કેડી ઉપર પણ કોઇ પગલાં પડાશે નહિ.

## ખાસ સૂચના

શ્રી સત્યપથ કલ્યાણ કેન્દ્ર માટેની સહાય શ્રી અતુલ કોન્ટ્રેક્ટરને નીચેના નવા સરનામે મોકલવા વિનંતી છેઃ-

શ્રી અતુલ કોન્ટ્રેક્ટર,
યોગેશ્વર કૃપા,
પુરોહિત ડાયનીંગ હોલ પાસે,
વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦
વાયા આણંદ

ચેક અથવા ડ્રાફ્ટ પણ શ્રી અતુલ કોન્ટ્રેક્ટર કે. ૫. પૂ. માશ્રી સર્વેશ્વરીના નામે મોકલાવવો.

# જીવનયાત્રાના પુનિત પગલે

નારાયણ હ. જાની

જીવનયાત્રાની પુનિત વાટે પ્રવાસ કરતાં નાની મોટી ઘટનાઓ બનતી રહે છે. એક શ્રધ્ધાળુ માણસને એમાંથી ઘણી પ્રેરણા ને પ્રભુ કૃપાનો અનુભવ થાય, એ સ્વાભાવિક છે. વળી કેટલીક અનોખી વ્યક્તિઓનો પરિચય અને મેળાપ પણ પ્રભુ કરાવે. જેઓ કોઈ સંત કે મહાત્મા તરીકે જરાય જાણીતા ના હોય, છતાં એમનું આંતરિક જીવન એમનો વ્યવહાર એક આદર્શ માનવ જેવો કે સંત જેવો હોય. આવાં માનવ રત્નોને જોઈ આપણી આંખ ઠરે, એમના જીવનમાંથી પ્રેરણાનું પિયૂષ પીવાય ને જીવન પંથે આગળ વધાય એ હેતુથી પૂ. ગુરૂદેવની પ્રેરણાથી આ આલેખું છું.

આ વર્ષે નવરાત્રિમાં પૂ. મા કપૂરા હતાં. એમને ભાવનગરથી ગાંધીનગર હું ને મારાં પત્ની મૂકવા ગયેલાં, ગાંધીનગરથી પાછા ફરતાં પૂ. માએ કહેલું "બોલો, કપૂરા કયારે આવશો, કયી તારીખે વાટ જોઉં ?"

તા. ૯–૧૦–૮૫ના રોજ અમે પૂ. માને મૂકવા ગયેલાં. તે પછી તા. ૧૫–૧૦–૮૫થી નવરાત્રિ શરૂ થતી હતી. અમે પણ નવરાત્રિ વ્રત કરતાં એટલે વ્રત ચાલુ હોય ને પ્રવાસ કરવાનો ના ગમે છતાં મારાથી કહેવાઈ ગયું– "મા સાતમે કે આઠમે નવરાત્રે જરૂર આવી જઈશું."

અને પ્રભુકૃપાથી સાતમે નવરાત્રે અમે પહોંચી ગયા ત્યારે પૂ. માને અમને જોઇને ખૂબ આનંદ થયો. એમના મોઢા ઉપર ખુશીના ભાવો અંકિત થઈ ગયા. મૌન હોવાથી સ્લેટમાં લખ્યું : " છોકરાઓ કહ્યા પ્રમાણે આવી ગયા. સરસ."



પૂ. માની એ પ્રસન્ન સુખમુદ્રા જોઇને જ અમારો લાંબા પ્રવાસનો થાક કયાંય દૂર થઇ ગયો. પૂ. માના એ આનંદના આંદોલનોએ અમને નવરાવી નાખ્યાં; પ્રસન્ન ને સ્ફુર્તિલા કરી દીધાં. સંત મહાત્માની એક કૃપા દૃષ્ટિમાં કેટલું બધું સામર્થ્ય અરે, માનવના જીવન પ્રવાહને પલટાવી દે, ભવોભવના ચકાવામાંથી છોડવે એ દૃષ્ટિ તો જે માણે તે ધન્ય બની જાય.

કપૂરાના રોકાણના ત્રીજા દિવસે નવમું નવરાત્ર હતું. નવરાત્રિ દરમ્યાન પૂ. મા નવ દિવસ પૂરા થયા પછી જ મૌન છોડતાં. પરંતુ કોણ જાણે પૂ. માએ નવમા દિવસે બાર વાગે જ મૌન છોડયું. અને જે કોઈ સાધક ભાઇબહેનો હાજર હતાં તેમને સત્સંગની બેઠકમાં જોડાવા બોલાવી લીધાં. તે પછી સતત સાડાત્રણ કલાક સુધી પૂ. માએ ખૂબ આર્દ્ર ભાવે પૂ. શ્રી એ રચેલ તેમજ બીજી પ્રાર્થનાઓ, ભજનો ને ધૂન ગાયાં. સામાન્ય સત્સંગની આ બેઠક બપોરે એક વાગે શરૂ થતી. ભજનો, ધૂન વગેરે ગવાતાં ને દોઢેક કલાક પછી તે બેઠક પૂરી થતી. પૂ. માને મૌન હોવાથી છતાં તેઓ તેમાં હાજરી આપતાં કદીક કંઈ સૂચના આપવાની હોય તો સ્લેટમાંથી લખીને જણાવતાં.

પરંતુ પૂ. માનું આજનું વર્તન ન સમજાય એવું હતું. પાછળથી વહેલું મૌન છોડવા અંગે ખુલાસો કરતાં તેઓએ કહ્યું, " પૂ. શ્રીએ આજે વહેલું મૌન છોડવાની મને આજ્ઞા કરેલી એટલે એક દિવસ વહેલું મૌન છોડયું."

અમને પછી સમજાયું કે પૂ. માના પિતાજીને ફરી હોસ્પિટલમાં દાખલ કર્યાનો અમેરિકાથી તાર સંદેશ આવેલો એટલે પોતાના પરદેશ સ્થિત પૂ. પિતાશ્રીના મંગલ માટેજ

જાણે એમણે સમૂહમાં પ્રભુને પ્રાર્થનાઓ કરી હોય, એવું લાગ્યું.

મહાપુરુષો આગમનાં એંધાણ કેવાં આપતા હોય છે, તે અમે નજરે નીહાળ્યું. તે પછી બીજા જ દિવસે સાંજે તેમના પૂ. પિતાશ્રીના સ્વર્ગવાસનો સંદેશો આવ્યો. આ સમાચાર એમના સમગ્ર પરિવાર માટે ખૂબ જ કારમા આઘાત સમાન હતા. કારણ કે એમના પિતાજી વર્ષોથી કપૂરામાં રહી ખેતીની દેખભાળ કરાવતા. કપૂરા છોડીને પરદેશ જવાનું બેત્રણ દાયકા પહેલાં બનેલું તે પછી તેઓ અમેરિકામાં રહેતા પૌત્ર અને તેની પત્નીના આગ્રહને લઇને અમેરિકા ગયા. કહો કે ભાવિ એમને ખેંચી ગયું. અમેરિકા ચાર માસ રહ્યા, ફર્યા, ખૂબ જોયું અને જ્યારે ભારત પાછા આવવાનું નક્કી કર્યું, તે અરસામાં અચાનક બિમાર પડ્યા અને ટૂંકી માંદગી ભોગવી એ ભૂમિમાં અગ્નિસંસ્કાર પામ્યા. આ જોતાં લાગે કે માણસનું મૃત્યુ કયાં થશે એ કલ્પનામાં કદી આવી શકતું નથી. પ્રભુએ નિશ્ચિત કરેલા સ્થળે વ્યકિત સામે ચાલીને જાય છે ને મરણાધીન થાય છે. એથી જ આપણે એને પ્રભુની અગમ્ય લીલા કહીએ છીએ.

પૂ. મા માટે પણ એમના પિતાજીનો સ્વર્ગવાસ ઘણો આઘાતજનક હતો, કારણ કે એ કોઇ સામાન્ય પિતા ન હતા. એમણે જ એમનામાં નાની વયથીજ આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન કરેલું ને પ્રભુના માર્ગે પગલાં ભરવામાં સહયોગ પ્રદાન કરેલો. એ પિતા એમના ત્યાગને, શરણાગતિભાવને તેમજ ગુરૂભક્તિને સમજેલા. વળી પોતાના સાંસારિક ત્યાગ પછી ઉપરાઉપરી પ. પૂ. માતાજી જ્યોતિર્મયી પછી પોતાના પૂ. માતાજી શ્રી ભીખીબા, અને છેલ્લે ખૂદ પ. પૂ. શ્રી યોગે-



શ્વરજીની લૌકિક વિદાય પછી, પિતાજીની છત્રછાયા ગુમાવવાનો આઘાત ભારે છતાં તેઓએ એને ખૂબ સ્વસ્થતાપૂર્વક ઝાલ્યો. ઉપવાસોની અખંડ હારમાળાના છસો દિવસ થયેલા છતાં એમની માનસિક સ્વસ્થતા, સમતા ને નિયમબદ્ધતા એવાં જ જળવાઇ રહ્યાં. પ્રભુની કસોટીમાંથી જાણે એ પાર ઉતર્યાં. કોઇપણ વ્યક્તિએ જીવનમાં આધ્યાત્મિકતા કેટલી પચાવી છે તેની પરખ આવી ઘટના પ્રસંગોએ થાય છે.

આ વર્ષે દિવાળી પછી અમે ભાવનગર પહોંચ્યા ત્યારે અમારા પુત્ર અજયનો એક એન્જિનિયર મિત્ર ઘરે મળવા આવ્યો. તેની નાની ઉમ્મર છતાં તેના ઉચ્ચ અભ્યાસને લીધે તેને સારો પગાર મળતો ને તેનો હોદ્દો પણ કંપનીમાં ઊંચો હતો.

તેણે મારા પુત્રને વાત કરતાં કહ્યું, “અહીંથી હરદ્વાર થઈ ઋષિકેશ જઈ આવ્યો. ત્યાં આઠેક દિવસ —શિવાનંદ આશ્રમમાં રોકાયો, ગંગા મજાની લાગી પરંતુ ઘણા બધા સાધુસંતોને મળવા છતાં, બેત્રણના અપવાદ સિવાય, મનમાં કોઈની સાચી છાપ ન ઊઠી. એટલે પાછો આવી ગયો.”

એ જ ઓરડામાં એક બાજુ બેઠેલો હું તેમની આ વાત સાંભળતો હતો. ઋષિકેશ ને ગંગાકિનારાની વાત સાંભળતા મને સહેજ કુતૂહલ થયું. મેં સહજભાવે પૂછ્યું, “કેમ ભાઈ, ઋષિકેશ ફરવા જ ગયા હતા કે શું!”

તેણે સરળતાથી કહ્યું, “સાચું કહું તો ગંગાકિનારે ઋષિકેશમાં કાયમ માટે રહેવાના વિચારથી ગયો હતો. પરંતુ કોઇ એવા સંત ન મળ્યા કે જેમના સાન્નિધ્યમાં રહેવાનું મન થઈ જાય.”

આટલી નાની ઉમ્મરે આવા વિચાર તમને કેમ આવ્યા? તેણે કહ્યું, “કાકા, સાચી વાત એ છે કે જો મનુષ્ય જીવન-

નું પ્રધાન પ્રયોજન આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરદર્શન જ હોય, તો પછી એને મૂકીને બીજી આ વાતોમાં જીંદગીનો સમય ને શક્તિ શું કામ વેડફી નાંખવાં ? પહેલાં એ સિદ્ધ થઈ જાય પછી બીજું બધું થાય, ખરૂં કે નહિ ?"

આ સાંભળી મને ખૂબ આનંદ થયો. મેં કહ્યું : "ભાઇ, તમે તો પૂર્વજન્મનું ખૂબ સારૂં ભાતું કે ઉચ્ચ સંસ્કાર લઇને આવ્યા લાગો છો એટલે જ આટલી નાની વયમાં જીવનનો હેતુ ખૂબ સ્પષ્ટ રીતે તમને સમજાઇ ગયો છે; તમારા મનમાં ઠસી ગયો છે. બાકી આટલી સમજ પાકી કરવામાં ઘણીવાર માણસની આખી જીંદગી વહી જતી હોય છે."

પછી મેં પૂછતાં તેઓએ કહ્યું:-"ઘણા બધા સાધુઓને મળ્યો, પણ ઘણાંને તો ધ્યાન કેમ કરવું, શેનું કરવું, તેની પણ પૂરી પાકી સમજણ ન લાગી. બેત્રણ સારા અનુભવી સંતો મળ્યા, પરંતુ કુંડલિની જાગૃતિદ્વારા-વિકાસ કરવાના મેં અપનાવેલા માર્ગે સાધના ક્ષેત્રે આગળ વધવામાં તેઓ મદદરૂપ થાય એમ ન લાગ્યું. એટલે પાછો આવ્યો."

મેં કહ્યું : "જે મહાપુરુષોએ યોગ સાધના કરી હોય એવા યોગી પુરુષો જ તમને ઉપયોગી સહાય પ્રદાન કરી શકે. એવા યોગીઓ બહુ ઓછા જોવા મળે અને ભગવાનની કૃપા સિવાય એમની ઓળખ કે પરખ પણ ન થાય. આમ છતાં કુંડલિની જાગી છે કે કેમ તેનાં કેટલાંક બાહ્ય લક્ષણો-ચિહ્ન છે, તેની વિગત જ્ઞાનેશ્વરી ગીતાના છઠ્ઠા અધ્યાયમાં સંત જ્ઞાનેશ્વર મહારાજે આપી છે, તે જોઈ જજો. બાકી કુંડલિની છે તેનું પ્રત્યક્ષ પરિણામ જો કોઇ હોય તો તે ધ્યાન કે જપમાં કલાક બે કલાક સુધી સ્થિરતાપૂર્વક બેસી શકાય; એ છે. ભલે પછી કોઈ ગુરૂ આપણને કહે કે ન કહે કે તમારી કુંડલિની



જાગી છે કે નથી. અંતરના આનંદ સિવાય ધ્યાન જપમાં એકધારૂં આટલું બેસાય જ નહિ એટલે કુંડલિની જાગી નહિ હોય તો જાગશે, પરંતુ પ્રભુની કૃપા તો તમારે માટે જાગી જ છે, એમ જરૂર માની લેજો."

મારી આ વાતથી એ ભાઈને આનંદ થયો. મને પણ એમને મળીને ખુશી થઇ. આજના ભૌતિક સુખોની ભ્રમજાળમાં ભરમાઈને જીવનનું યૌવન વેડફી નાખતા યુવાનો ક્યાં, અને ક્યાં આ નાનકડો એન્જિનિયર! જેને જીવનનું પ્રધાન લક્ષ્ય આટલી નાનીવયમાં જ સુસ્પષ્ટપણે સમજાઈ ગયું છે.

એ ભાઇની મુલાકાત મારા મન ઉપર કદાચ ન ભૂંસાય એવી છાપ અંકિત કરી ગઈ.

## શ્રી જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય

અધ્યાત્મના ભાવિક વાંચકો યાત્રાધામ અંબાજી ખાતે બંધાતા પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને નાની મોટી આર્થિક સહાય મોકલતા રહે છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે.

૧૦૪-૯૬ શ્રી ગુલાબબેન વસંતભાઇ પનામા.
૨૦૧-૩૬ શ્રી વલ્લભભાઇ લખાભાઈ પનામા.
૧૨૬-૪૩ શ્રી અમેરિકાબેન ઠાકોરભાઈ પનામા.
૫૭-૪૭ શ્રી મણિબેન પરભુભાઇ પનામા.
૧૦૦-૦૦ એક ભાવિક ભક્ત તરફથી મોરબી
૧૦૧-૦૦ શ્રી રાજલક્ષ્મી જોષી,

આ સહુનો આભાર.

## પ્રાર્થના

હે નટવર નાગર! રૂપના સાગર! રૂપ નિરંતર અંતર પેખું;
બાહ્ય રૂપના વેરણછેરણ ક્ષુદ્ર ટૂકડા સદા ઉવેખું.

હે લક્ષ્મીવર! હે વિશ્વંભર! વિભવ વિભુવર! સ્મરી રહું;
પ્રદર્શનો વૈભવનાં વરવાં! વિડંબના હું કરી રહું.

હે સર્વેશ્વર સત્યસ્વરૂપા! સત્ય-શક્તિને પ્રગટ કરો,
કૃતક સત્ય-શક્તિનો મારાં ભ્રમ-આવરણો પરિહરો.

અખિલ વિશ્વસંવાદ-વિધાયક! વિસંવાદને દૂર કરો,
તંગ-શિથિલ આ વાદ્ય-તાર સમતા શું સુરસંગીત ભરો.

કર્તા-ભર્તા તું સંહર્તા વિશ્વ-નિયંતા! કૃપા કરો,
એકવાર અવતાર ધરીને આ ધરતીને ધન્ય કરો.

અવતાર ધર્યાનો હે અવતારી! અવસર આવો ફરી ન આવે,
ઘોર ગગન ઘેરાયું ઘનથી ધરા પરે ઘનશ્યામ ન લાવે?

ડૉ. રણજિત પટેલ
(अनामी)



# એક વિરલ સંકીર્તન યાત્રા

તા. ૧૫-૭-૮૫ ને સોમવાર.

મા શારદા અને ભગવાન રામકૃષ્ણદેવની પ્રાગટ્ય ભૂમિ તેમજ લીલાભૂમિની આજની વિરલ સંકીર્તન યાત્રા સાચા અર્થમાં જીવનયાત્રા બની ગઇ. આ યાત્રામાં પૂ.મા એ વરસાવેલી કૃપાવર્ષાને શબ્દોમાં કેવી રીતે ઝીલવી તે મારા માટે અશક્ય છે. પ્રભુનામ સંકીર્તનમાં તન્મય થઇ જવું, ખોવાઈ જવું તે પૂ. માની વિરાટ જીવનલીલાનું એક વિરલ પાસુ છે. પૂ. માના અનેક ચરણાનુરાગી ભક્તોએ પૂ. માને કલાકો સુધી નામસંકિર્તનમાં લીન થતાં જોયાં છે. પરંતુ પૂ. મા એ આજે જાણે બંધ છોડી નાખ્યા છે. અનરાધાર વરસી પડ્યાં છે, પ્રેમ અને ભક્તિનાં પૂર જાણે ઉમટી પડ્યાં છે. મા શારદા અને ઠાકુરની લીલાભુમિને છૂટા દિલે, ઉદાર મને, નામ સંકીર્તનથી જાણે ગજવી મૂકી. ચૈતન્ય મહાપ્રભુની સંકીર્તન લીલા બંગાળની પૂણ્યભૂમિમાં જાણે સજીવન બની ઉઠી. ચાલો આપણે પણ 'અધ્યાત્મ' ના પૃષ્ઠો પર પદયાત્રા કરતા કરતા સંકીર્તનની અનેરી મસ્તી માણીએ.

મા શારદાનું મંદિર વહેલી સવારે ચાર વાગ્યે ખુલી જાય છે. પ્રભાતનું મંગલમય વાતાવરણ અંતઃકરણને સહજ રીતે સ્પર્શી જાય છે. મા શારદાની આરતી, ધુન, ભજન સૌ યાત્રિકોને જાણે પવિત્રતાના પરમાણુઓથી ભરી દે છે. પૂ.મા ચાર વાગ્યે મંદિરમાં પધારે છે. ઊંડાભાવપૂર્વક ધૂંટણિયે પડી મા શારદાને પ્રણામ કરે છે. મા શારદાના મંદિરમાં દર્શન વંદન, ધ્યાન, જપનો કાર્યક્રમ પૂરો કરી, સૌ યાત્રિકો પદયાત્રા માટે મંદિરના પ્રાંગણમાં ઊભા છે. ત્યાંજ પૂ. માનો મંગળસ્વર સૌના કાને પડે છે.

ૐ શ્રીમા જય મા જય જય મા
શ્રીમા જય મા જય જય મા

મા શારદાનો જયકાર બોલાવતી અમારી સંકીર્તન યાત્રા શરૂ થાય છે. પૂ.મા ધૂન ગવડાવે છે અને સૌ ઝીલે છે. કીર્તનના નાદથી જયરામવાટીની ગલીઓ ગુંજી ઊઠી, લોકો પોતાના ઘરમાંથી બહાર દોડી આવી આતુરતાથી જોવાં લાગ્યા. અમારી સંકીર્તન પદયાત્રા એ જાણે પ્રભાતફેરીનું સ્વરૂપ લીધું. પૂ.મા સૌની આગળ ચાલતાં ધૂન બોલાવી રહ્યાં છે. પાછળ મંડળી ઉત્સાહપૂર્વક ધૂન ઝીલે છે. જયરામવાટીની મુખ્ય શેરીઓમાં થઈને અમારી પદયાત્રા ગામ બહાર ખુલ્લા મેદાનમાં આવી. ખુલ્લી ધરતી અને ખુલ્લા આકાશ વચ્ચે આવતાંજ અમારા અંતરના બારણાં પણ ખુલ્લી ગયાં. કુદરતની વિશાળતા અને એ વિશાળતામાં છવાયેલા સૌંદર્યથી સૌ યાત્રિકોના હૃદય ભજનાનંદમાં ઉછળવા લાગ્યાં. આમેય બંગાળની ભૂમિ સૌન્દર્ય-મંડિત છે. તેમાં વળી આ સમય વર્ષાઋતુનો. ચારે તરફ સૌન્દર્ય અને શાંતિ પથરાયેલાં. ઉપર આકાશમાં આછા કાળા કાળા વાદળોનો ગોળ ઘુમ્મટ રચાઇ ગયો હતો. પ્રભાતનું આવું સુરમ્ય સૌંદર્ય મન અંતરમાં અનેરી મસ્તી જગાવી ગયું. હજુ પૂ.મા ધૂન બોલાવી રહ્યાં છે. અમારી સંકીર્તન યાત્રાનો આનંદ, ઉત્સાહ, અને પ્રભુનામ સ્મરણની મસ્તી જોતાં સહજ રીતે ચૈતન્ય મહાપ્રભુની સંકીર્તન મંડળીના ભાવવિભોર દૃશ્યો મનઃચક્ષુઓ આગળ ખડાં થયાં.

પ્રભુનામ સંકીર્તનમાં આટલો આનંદ ભર્યો છે તેની અનુભૂતિ પહેલી વખત આ પદયાત્રામાં થઇ. એક પછી એક ભજન તથા ધૂનની જાણે સરવાણીઓ ફૂટતી ગઇ. સૌને ભજન ધૂન ગાવાનો અંતરથી ઉમળકો આવ્યો છે. એક પછી એક બધાજ યાત્રિકો ધૂન ભજન બોલાવે છે. જાહેરમાં



કે એકાંતમાં પણ જેમને ગાવાનો ખાસ મહાવરો નથી એવા યાત્રિકો પણ આજે ખુલ્લા હૃદયે જેવા આવડે તેવા ઢાળ કે રાગથી પોતાના અંતરના આનંદને પ્રકટ કરવા લાગ્યા. શ્રી શાંતિભાઈને પણ સૌએ મસ્તીથી ગાતા સાંભળ્યા.

પૂ. માની ધૂન પૂરી થતાં સૌએ સમૂહમાં બાવનીનો પાઠ કર્યો. શ્રી ઈશ્વરભાઈએ પણ "સદ્‌ગુરુ શરણે અમોને રાખો" એ ભજન ભાવપૂર્વક ગાયું. પૂ. મા તો આજે જાણે ગાવામાં દેહભાન ભૂલ્યા છે. ઈશ્વરભાઇના અનુસંધાનેજ પૂ. માનો જુસ્સાદાર અવાજ સંભળાયો "ઓચિંતી આંગણામાં આવી અલબેલડી, અંબાના સ્વાગત શાં શાં કરું?" પૂર્ણિમાબહેન મા સાથે સાથ પૂરાવી રહ્યાં છે.

ગઈકાલનો પ્રવાસનો થાક, લગભગ આખી રાતના ઉજાગરાની સુસ્તી કોણ જાણે ક્યાં અદૃશ્ય થઈ ગઈ હતી ! થાક કે કંટાળાનું નામનિશાન ન હતું. પ્રસન્નતા, ઉલ્લાસ, થનગનાટથી સૌના તનમન જાણે ઉભરાઈ રહ્યા હતા! આ જ પૂ. માના દિવ્ય સાનિધ્યની ખૂબી છે ને ! એ દેવદુર્લભ સાનિધ્યેજ અમારા સૌમાં શક્તિનો સંચાર કર્યો હતો. યાત્રાના દરેક પ્રસંગે પૂ. માના અલૌકિક સાનિધ્યમાંથી અમને સૌને નવીનતા અને તાજગી પ્રાપ્ત થતા રહ્યા. પૂ. મા વઢશે એ બીકે તાવ, શરદી કે બીજી શારીરિક તકલીફો શરીરથી દૂર જ રહેતી, એ સૌનો વ્યક્તિગત અનુભવ છે. કદાચ કોઈ શરીરની તકલીફની ફરીયાદ કરતા તો પૂ. મા કહેતા કે તમને કંઇ નથી, ચાલો પદયાત્રા માટે તૈયાર થઇ જાવ. એ શબ્દો સંજીવનીની ગરજ સારતા અને નવી શક્તિના સિંચનથી તનમન પ્રફુલ્લિત બની જતા.

પૂ. માની ચાલમાં એટલી સ્ફૂર્તિ હતી કે મા સાથે ચાલવા અમે ચાલતા ચાલતા દોડતા રહેતા. કેટલાક યાત્રિકો

પાછળ રહી જતા હતા. પાછળ રહેલા યાત્રિકો આ સંકીર્તન યાત્રાના લાભથી વંચિત ન રહે તે માટે સૌને રસ્તામાં રોકતા અને સમૂહમાં ગરબા ગવડાવતા. વિજયભાઇ પંડિતના કંઠે ગરબો વહેતો થાય છે. "તરછોડીને જાશોના અમે તમારે પાલવ વળગ્યા" ગરબો ગાતા સૌ ગોળગોળ ઘુમતા નાચવા કુદવા લાગ્યા. જાણે વૃંદાવનની રાસલીલા ! ઉપર આભને નીચે ધરતીની વિશાળતામાં અમે જાણે સમાતા ન હોતા ! અમે ક્યાં છીએ, કોણ છીએ એ જાણે ઘડીભર ભૂલાઇ ગયું. ગરબો પૂરો થતાં પૂ. મા ધૂન ઉપાડે છે.

ૐ નમો ભગવતે રામકૃષ્ણાય
રામકૃષ્ણાય જો ભાવે ભજાય
માયા ને મમતાના બંધ કપાય
ૐ નમો ભગવતે રામકૃષ્ણાય

મા ધૂનની સમાપ્તિ કરે તે પહેલા જ જાણે કલ્યાણ કૂદી પડે છે.

રામકૃષ્ણ પ્રભુ શતવંદન હો
મા શારદા શતશત વંદન હો

અનેરી ધુનની મસ્તીમાં જાણે સૌ કોઇ ખોવાય ગયા છે. મા શારદા અને રામકૃષ્ણદેવની પાવનભૂમિમાં પ્રેમની અંજલિઓ ભરીભરીને સૌ જાણે તેમના શ્રીચરણોમાં અર્ઘ્ય આપી રહ્યા છે. કલ્યાણની ધુન પુરી થાય તે પહેલાં તો કલ્પુબેનનો મધુર કંઠ ગુંજી ઊઠ્યો.

જય જય બોલો શ્રી રામકૃષ્ણદેવની રે
જય જય બોલો શ્રી શારદામાતની રે

આજે કોઇને ગાવું પડતુ નથી કે ગવરાવું પડતું નથી. અંદરથી આનંદની સરવાણીઓ ફુટે ત્યારે સ્વયં જ વહેતી રહે છે. મહાલતાબેનનો આનંદ કંઠ દ્વારા વહેવા લાગ્યો.



શ્રી રામકૃષ્ણ વંદુ તમોને
શ્રદ્ધાભક્તિ દો દર્શન અમોને !

પૂ. માની ચેતનાએ આજે જાણે સૌને જગાડી દીધા છે. અહીં કોઇ મહાન ભજનિક કે પ્રસિદ્ધ ગાયક કલાકાર નથી. ચેતના સ્પર્શે પ્રભુનામ સંકિર્તનમાં ઘેલા બની જવાયું છે. ન જાણે અંદરથી અનેરો આનંદ વહેવા લાગ્યો છે કે બસ ગાયા જ કરીએ ગાયા જ કરીએ. શાંત દેખાતા કૈલાસબેનનું અંતર આપોઆપ વહેવા માંડે છે.

હરિ ૐ રામકૃષ્ણાય નમઃ
હરિ ૐ યોગેશ્વરાય નમ :

શાંતિભાઇનું હૈયું પણ આજ હાથ નથી રહ્યું. એ ઓઇલ એન્જીનના વેપારી પણ આજે પ્રભુનામના વહેવારીયા બની ગયા. કદાચ જીવનમાં પ્રથમવાર નાચતા કુદતા ગાવા લાગ્યા.

રામકૃષ્ણ હરિ જય જય રામકૃષ્ણ હરિ
જય જય રામકૃષ્ણ હરિ જય જય રામકૃષ્ણ હરિ

પ્રભુનામ સંકિર્તનના આનંદમાં બધુ ભૂલી જવાય છે તે આજે સૌએ અનુભવ્યું. બસ અંદર બહાર સર્વત્ર આનંદ આનંદ છવાય ગયો. એ આનંદની સમાધિ માણતા માણતા જ ઠાકુરના ધામમાં પહોંચી ગયા. સવારના ૯–૪૦ વાગ્યે અમે ઠાકુરમંદિરના દ્વાર ખખડાવ્યા. અમે ઠાકુરના ચરણોમાં પહોંચ્યા ત્યારે ઠાકોરની પૂજા અને આરતીની તૈયારી ચાલતી હતી. નાનકડા મંદિરમાં ઠાકુર જાણે તેમના પ્રેમી ભકતોને સ્મિતથી આવકારતા હતા. અમારી ચારે બાજુ, અંદર બહાર ઠાકુર જાણે છવાય ગયા હતા, અમે સૌએ ઠાકુરની આરતી, દર્શનનો લાભ લીધો. પૂ.મા ભાવપૂર્વક ઠાકુરને પ્રણામ કરી તેમની સામેજ થોડીવાર બેસી જાય છે. શાંત ચિત્ત બની સ્વયંમાં ખોવાય જાય છે.

કામારપુકુરમાં જે સ્થાનમાં રામકૃષ્ણદેવનું પ્રાગટ્ય થયું હતું તે સ્થાન ઉપર અત્યારે મંદિર ચણવામાં આવ્યું છે. ઠાકુરની જીવનલીલાના બધા સ્થાનોને સારી રીતે સુરક્ષિત રાખવામાં આવ્યાં છે. મકાનો પણ અસલ પરિસ્થિતિમાં જાળવી રાખવામાં આવ્યાં છે. રામકૃષ્ણમીશને આ દિવ્ય સ્થાનને સ્વચ્છ અને મનોરમ્ય બનાવ્યું છે. પવિત્રતા ને શાંતિ સૌના અંતરને સહજ રીતેજ સ્પર્શી જાય છે. ત્યાં બાજુમાં જ ઠાકુરના કુળદેવી શીતળામાતાનું મંદિર છે, શિવજીનું મંદિર પણ બાજુમાં જ છે. મંદિરની પાસે જ ઠાકુરે વાવેલું આમ્રવૃક્ષ છે. સૌ યાત્રિકો ભાવપૂર્વક સર્વ સ્થાનોનાં દર્શન કરે છે. દરમ્યાનમાં પૂ. મા ઠાકુરના દર્શન, વંદન કરી મંદિર સામે આવેલા સત્સંગ હોલમાં આવ્યાં છે. સત્સંગ હોલની દિવાલ પર ઠાકુરના જીવનલીલાના પ્રસંગો સુંદર રીતે દર્શાવવામાં આવ્યા છે. બધાજ યાત્રિકો ઠાકુરની જીવનલીલાના પ્રસંગોથી પરિચિત હતા તેથી સૌને એ પ્રસંગોના દશ્યોથી ઠાકુરની જીવનલીલા જાણે તાદશ્ય બની ગઇ !

સત્સંગહોલમાં ઠાકુરની સામેજ પૂ. મા બેઠાં. યાત્રિકો આસપાસ ગોઠવાય જાય છે. પૂ માએ સૂચના આપી એવો ભરતભાઈ અને કલ્પુબેન સૌને સળગાવેલી એક એક ધુપસળી આપે છે. પૂ.મા એ પોતેજ રચેલી ઠાકુરની આરતીથી ઠાકુરને ભાવવાહી કંઠે અર્ઘ્ય આપી રહ્યાં છે. સૌ યાત્રિકો આરતી ગાતા ગાતા ધુપસળીઓ વતી ઠાકુરની આરતી ઉતારી રહ્યા છે. પૂ. માના અંતરમાંથી ઠાકુરનો પ્રેમ આરતીરૂપે કંઠમાંથી વહી રહ્યો છે.

ૐ રામકૃષ્ણ ભગવાન પ્રભુ રામકૃષ્ણ ભગવાન
વંદન કરીએ ચરણે ભવજળ તરવા કાજ ૐ

( અનુસંધાન પાના ૨૪ ઉપર )



# સ્વયંભૂજીનાં–કથન

—સ્વયંભૂજીનું કથન
સં. હસુભાઈ ત્રિ. દવે

ધ્યાન ઈશ્વરનું હૃદય છે, મંત્ર ઈશ્વરની વાણી છે. ધ્યાન અને મંત્રને એક કરી દો એટલે સાચી ઉપાસના થઈ જશે.

" સંધ્યા " એ એક ઈશ્વરનું ધ્યાન જ છે, સ્તોત્ર એ ઈશ્વરનું સ્મરણ છે.

વાણીથી ગદ્ગદીત ભાવથી ધ્યાન મગ્ન થવાય છે. ત્યારે સાચી પ્રાર્થના થઇ જાય છે, જે સાંભળીને પ્રભુ ઉઘાડા પગે આવે છે.

ધ્યાન બીજું કંઈ જ નથી. એકાગ્રતાવાળી પરિસ્થિતિ એનું નામ જ ધ્યાન.

જપમાં મંત્રનાં અક્ષરોનું ધ્યાન કરવાનું હોય છે, આ અક્ષર-મૂર્તિ કે છબીની જે છાપ મનમાં ઉઠે છે, તેનું નામ દર્શન છે.

દર્શન એટલે ધ્યાનનું ચિંતન સ્વરૂપ, જેટલો પ્રેમ હશે એટલું ધ્યાન સ્વચ્છ થશે ને દર્શન સ્પષ્ટ થશે.

ઈશ્વર લીલા કરે છે, ત્યારે ' કર્મ ' કરે છે, આનંદમાં હોય છે ત્યારે ' રમણ ' કરે છે. અને જગતને રમાડવાની ઇચ્છા થાય ત્યારે તે ' માયા ' કરે છે.

કર્મ વિના ક્ષણો ગતિશીલ રહી શકતી નથી, શ્વસન-યંત્ર ચાલુ સ્થિતિમાં કરી આપી, આપણુને ભેટ આપી જનારો, પછી ઇન્દ્રિયો દ્વારા કર્મ કરે છે.

સત્યનું આચરણ, સુંદરતાનું ધ્યાન, અને કલ્યાણ કરનારા મંત્રો વડે જીવનને ઉજ્જવળ બનાવો, એટલે માનવ મટી દેવ થશો. કંઇપણ ન કરી શકો–તોપણ તમે માનવતા ન ચૂકશો.

બોલીને હું મૌન તોડું છું, જે ઈશ્વરની ક્રિયા છે, હાથ પગ વડે પરિશ્રમ કરૂં છું તે ઈશ્વરની ચેતના શક્તિનું વહન છે. બાકી મનુષ્ય શું છે ? શ્વાસયંત્ર કે બીજું કંઇ ? ચાવી દીધેલું 'રમકડું' માનવી ઉધામા મારે એટલું જ !

---

(પાના ૨૨ નું અનુસંધાન)

દિવ્ય વાતાવરણ સર્જાય ગયુ છે. પદયાત્રામાં ઉમટેલા આનંદના પૂર હવે શાંત થઇ ઠાકુરના શ્રી ચરણોમાં સમાઇ રહ્યા છે. પદયાત્રામાં પ્રગટેલા પ્રેમાનંદની આભા સૌના મો પર વિલસી રહી છે. સાચી યાત્રા કર્યાનો સંતોષ મુખારવિંદ દ્વારા આપોઆપ વ્યક્ત થઈ રહ્યો છે. મહાપુરુષોની દિવ્ય-ચેતના જીવનમાં કેવા શકવર્તી ફેરફારો સર્જે છે તે આજે અમે સૌએ અનુભવ્યું અમને શ્રદ્ધા છે કે પૂ. માએ કૃપા કરી સંકિર્તન યાત્રા દ્વારા સિંચેલા દિવ્ય સંસ્કારો અમારા જન્માંતરોમાં પણ પૂ. મા પ્રભુના શ્રી ચરણોમાં શ્રદ્ધા ભક્તિ પ્રગટાવતા રહેશે. હે મા! તમારી કૃપાજ સર્વ કંઇ છે.



# આંતર નિરીક્ષણ

જે. કૃષ્ણમૂર્તિ

'જે મહત્ત્વનું છે તે આ છે. તમારૂં જીવન, તમે પોતે, તમારી ક્ષુદ્રતા, તમારૂં છીછરાપણું, તમારી ક્રૂરતા, તમારી હિંસા, તમારો લોભ, તમારી તૃષ્ણા, તમારી દૈનિક ચિંતા અને પારવિનાની વેદના. તમારે આ બધું સમજવાનું છે અને તમારા સિવાય આ પૃથ્વી ઉપર કે સ્વર્ગમાં આમાંથી તમને કોઈ બચાવી નહિ શકે.

મનોવૈજ્ઞાનિક રીતે તમે જેવા છો તેવો તમારો સમાજ, તેવું તમારું રાજ્ય, તેવો તમારો ધર્મ છે. જો તમે ઈર્ષાળુ, લોભી, અજ્ઞાન હશો તો તમારા જેવી જ તમારી પરિસ્થિતિ હશે. તમે જે વિશ્વમાં જીવો છો તેનું તમેજ સર્જન કરો છો. મૂળભૂત શાંતિમય પરિવર્તન લાવવું હશે તો ઐચ્છિક તથા પ્રજ્ઞાયુક્ત આંતરિક પરિવર્તન લાવવું પડશે.

તમારામાં જે કાંઇ ચાલુ રહ્યુ હોય – તમારી લાગણીઓ, વિચારો, ઉપલકિયા તથા ઉંડાણુના હેતુઓ, બધાને તમે સ્પષ્ટ રીતે જુઓ. તમે સતત બદલાઓ છો માટે તમારી જાતને સતત જોયા કરો. તમે તમારી જાતને પૂર્ણ રીતે જોશો તો સંઘર્ષો દૂર થઈ જશે અને તદ્દન ભિન્ન ગુણવત્તાવાળી ઉર્જાનો અવિ-ર્ભાવ થશે.

'તમે તમારી એષણાઓને, તમારા દુઃખોને, પ્રશ્નોને, તમારી ઈર્ષાને ખીલવા દો, જેમ કળી મોટી થાય છે, ખીલે છે, પૂર્ણકળાએ ખીલે છે કરમાય છે અને પછી ખરી પડે છે,

તેમ તમે તમારા પ્રશ્નોને પૂર્ણ રીતે ખીલવા દો, ખુલ્લા થવા દો, તેને દબાવો નહિ તેમજ તેનાથી ભાગો નહિ. પણ હિંમતપૂર્વક તેની સામે ઊભા રહો અને તેને બરાબર નિહાળો. ભયને ઇર્ષાને એ બધાને આવવા દો, તેમને સ્વતંત્રતા આપો, તો તે પોતાનાં બધા રંગો દેખાડશે તેની પાછળ શું છે તે દેખાડશે અને તે ખીલશે અને પછી મૃત્યુ પણ પામશે તેના ખીલવાથી તેની જટિલતા તેના મૂળિયા દેખાશે. માટે તેને દબાવો નહિ, દબાવશો તો તેનું રહસ્ય સંતાયેલું જ રહેશે. આમ જાગૃતિ દરેક ઘટના, વ્યક્તિ, વર્તન, વિચાર વસ્તુનું રહસ્ય પૂર્ણ રીતે છતું કરે છે.

શારિરીક રોગ મટાડવો એના કરતાં ચિત્તનો રોગ મટાડવો એ વધારે મહત્ત્વનું છે, કેમકે ચિત્તની માંદગી શરીરને અસર કરીને રોગ પેદા કરે છે.

(સંકલન, "આનંદ" લીંબડી.)

શ્રી યોગેશ્વર કૃપા.
સંદિપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે—સુરત.



પ. પૂ. શ્રી યોગેશ્વરજીની જન્મભૂમિ "સરોડાની"

# મારી યાત્રા

કનૈયાલાલ ઝીંઝુવાડિયા

યોગેશ્વર પરિવારની દરેક વ્યક્તિને અને ખાસ કરીને જેઓએ પૂજ્ય યોગેશ્વરજીનું ચરિત્ર "પ્રકાશને પંથે" વાંચ્યુ હોય તેઓને પૂજ્યશ્રીની જન્મભૂમિ સરોડા જોવાની ઇચ્છા થાય તે ખૂબજ સ્વભાવિક છે અને સાનુકૂળ સંજોગો ઉભા થતાં અવશ્ય તે પુણ્યભૂમિની મુલાકાત લઇ પોતાની ઇચ્છા સંતોષશે.

મારી પણ સરોડા દર્શનની ઘણા લાબા સમયથી ઉત્કંઠા હતી. મારી તે ઇચ્છા પરમ શક્તિએ જે રીતે સંતોષી, તેનું વર્ણન કરતાં હું આનંદ અનુભવું છે.

ઓકટોબર માસના ત્રીજા અઠવાડિયામાં મારે કામ અંગે અમદાવાદ (સાબરમતિ) જવાનું થયું. હું મારું કામ આટોપી કાળુપુર સ્ટેશને જવા માટે ચાંદખેડા સ્ટેશનેથી ગાડી મળી જવાની શકયતા હોવાથી ગયો.

મારો વિચાર કાળુપુરથી ૧૧–૪૫ વાગે ઉપડતી બોટાદ પેસેંજરમાં ધોળકા રહેતી મારી એક ભત્રીજીને ત્યાં જવાનો હતો.

ચાંદખેડા ગાડી આવવાનો નિયત સમય ૧૧-૧૯નો હતો. પરંતુ ગાડી મોડી હોવાથી ૧૧–૪૫ વાગે આવવાની શકયતા હતી. તેથી હું એક વૃક્ષ નીચે આવેલા બાંકડા ઉપર એકાંત જોઇને બેઠો. મારી સિવાય ત્યાં અન્ય કોઈ નહોતું. ગાડી

આવવાની થોડી પ્રતિક્ષા કરવી પડે તેમ હોઈ, હું આંખો બંધ કરી મનોમન "હરિ ૐ યોગેશ્વરાય નમઃ, હરિ ૐ યોગેશ્વરાય નમઃ" એ ધૂનનું મનમાં રટણ કરવા લાગ્યો. હજુ કેવળ સાતથી આઠજ વખત તે ધૂન બોલ્યો હોઈશ, ત્યાં જ એકાએક મનમાં વિચાર સ્ફૂર્યો કે ધોળકા જવું છે તો સરોડા પણ કેમ ન જવું ? એ વિચાર આવતાં જ પૂજ્યશ્રી યોગેશ્વરજીની સ્મૃતિ થઈ આવી. હું ભાવવિભોર બની ગયો. મારી આંખમાં આંસુ આવી ગયાં. મારી તે સમયની હાલત જોવા અન્ય કોઈ ત્યાં હાજર નહોતું તે ખરેખર સારૂ થયું નહિ તો જોનારાઓને આશ્ચર્ય થાત. ગાડી આવી પહોંચતા હું તેમાં બેસી ગયો.

મેં ઉપર જણાવ્યા મુજબ ધોળકા જવા માટે મને મળતી ગાડી કાળુપુર સ્ટેશનેથી ૧૧-૪૫ વાગે ઉપડતી હતી અને તે માટે ચાંદખેડાથી જે ગાડી મેં પકડી તે મોડી હોવાથી ચાંદખેડા ૧૧-૪૫ વાગે આવી તેથી ધોળકા જવા માટે બોટાદ પેસેન્જર સાબરમતિ સ્ટેશને જ આવી જાય તે ખૂબજ સ્વભાવિક હોવાથી હું સાબરમતિ સ્ટેશને જ ઉતરી ગયો. સાબરમતિ સ્ટેશને એક બાંકડા ઉપર જઈને બેઠો. ત્યાં પણ મહાત્માશ્રીની સ્મૃતિ થઈ આવી અને મારી આંખો અશ્રુથી ભરાઈ જવા લાગી જે વારંવાર હું રૂમાલથી લુછવાનો પ્રયત્ન કરવા લાગ્યો. થોડી જ વારમાં ગાડી આવી પહોંચતા હું તેમાં બેસી ગયો.

ગાડીમાં હું મનોમન મહાત્માશ્રીની ધૂન તેમજ મંત્રજાપ કરતો રહ્યો. હું જે ડબામાં બેઠો હતો તેમાં બીજી ત્રણેક બહેનો બેઠી હતી. તેઓની આંતરિક વાતચીત ઉપરથી તે સૌ ધોળકા જ ઉતરવાના છે તે હું સમજી ગયો. તેઓને પૂછતાં



જાણવા મળ્યું કે ધોળકાથી બસ રસ્તે સરોડા ૨૦-૨૫ મિનિટનું જ અંતર છે. મને થયું ચાલો, પ્રભુએ આટલું માર્ગદર્શન ગાડીમાં જ આપી દીધું.

ગાડીમાં મને એવો વિચાર આવ્યો કે ધોળકા ઉતરી પ્રથમ સરોડા જ જવું અને પછી મારી ભત્રીજીને ત્યાં પરંતુ ધોળકા ઉતર્યો પછી એવો વિચાર આવ્યો કે પ્રથમ મારી ભત્રીજીને ત્યાં જઈ, બગલ થેલો ત્યાં મૂકી, કાંઈક સ્વસ્થ થઇ પછી સરોડા જવું. ધોળકા આવ્યું ત્યારે બપોરના ત્રણ-સવાત્રણ થએલ.

મારી ભત્રીજીને ત્યાં જઇ હાથ પગ ધોઇ સ્વસ્થ થયો. ચા-પાણી લીધા પછી મેં સરોડા જવાની બસ ક્યારે મળે તે પૂછ્યું. તો જાણવા મળ્યું કે સાંજે એક-બે બસ જાય છે. તેથી હું બસ સ્ટેશને ગયો. એસ. ટી. ડીપો એ સમયપત્રકમાં જોતાં સરોડાની બસ ૧૭-૪૫ (સાંજે સવાપાંચે) ઉપડશે તેમ જાણ્યું. આશરે એકાદ કલાકની રાહ જોવી પડે તેમ હતું. ત્યારે મને થયું કે ટ્રેઈનમાંથી ઉતરી પ્રથમ મારી ભત્રીજીને ત્યાં જઈને પછી સરોડા જઈને આવેલો વિચાર યથાર્થ હતો અને તે સ્ફૂરણા પાછળ પૂ. શ્રીની જ પ્રેરણા હશે એમ લાગ્યું.

બસ નિયત કરેલાં પ્લેટફોર્મ પર મૂકાતાં હું તેમાં એક સીટ ઉપર ગોઠવાઈ ગયો. મારી પાછળની જ બેઠક ઉપર બે બહેનો બેઠેલી તેમને મેં પૂછ્યું કે 'તમારે સરોડા જવું છે ?' જવાબમાં તેઓએ હા કહી. મેં તેમને કહ્યું કે 'મારે પણ સરોડા આવવું છે.' એટલે તેમાંના એક બહેને મને પ્રશ્ન કર્યો કે તમારે કોના ઘરે જવું છે ? મેં તેમને કહ્યું કે મારે કોઇના ઘરે જવું નથી, પરંતુ મહાત્માશ્રી યોગેશ્વરજીના ઘર-

નાં દર્શન કરવાં છે તો તે બહેન વિચારમાં પડી ગયાં અને મને કહે કે એવા નામની કોઈ વ્યક્તિ સરોડામાં છે જ નહિ. મને થયું કે 'યોગેશ્વર' નામથી જ કદાચ તે બહેન અજાણ હશે. મને દુઃખ પણ થયું. હું મૌન રહ્યો. પરંતુ બીજા બહેને તેની કાંઈક સ્પષ્ટતા પેલાં બહેનને કરતાં હોય તેમ લાગ્યું. મેં તેમાં કાંઇ લક્ષ આપ્યું નહિ. પેલાં બહેને મને જણાવ્યું કે તમને પાછા આવવાની કોઇ બસ મળશે નહિ. આની પાછળ આવતી લગભગ સાડાસાતે ઉપડતી બસ સરોડા રાત્રે પડી રહી સવારે પાછી ઉપડે છે તેથી હું થોડી મૂંઝવણમાં મૂકાઈ ગયો. મને ઉતરી જવું હોય તો ઉતરી જવા જણાવ્યું. હું દ્વિધામાં મૂકાઈ ગયો. બીજી વખત પણ તે બહેને ઉતરી જવા કહ્યું પણ સરોડા જોયા વગર ઉતરી જવાની મારી ઇચ્છા નહોતી. એક વિદ્યાર્થિનીએ કોઈ સ્થળનું નામ કહ્યું જ્યાંથી મને પાછા આવવા બસ મળી રહેશે તેમ જણાવ્યું. કન્ડકટરે આવી ગાડી ઉપાડી ત્યારે પણ તે બહેને મને આગ્રહ કર્યો કે 'હજુ ઉતરવું હોય તો ઉતરી જાવ.' પરંતુ પૂજ્યશ્રીની જેમ ઇચ્છા હશે તેમ થશે, તેમ વિચારી બેસી રહ્યો. પેલી વિદ્યાર્થિ-ની જેમ કન્ડકટરે પણ સરોડાથી ચાલતાં કોઇ સ્થળે જતાં ધોળકા પાછાં ફરવાની બસ મળશે તેમ જણાવ્યું, તેથી ધોળકા પાછા ફરવાની બસ મળવાની આશા તો બંધાણી.

આશરે અર્ધી કલાકે બસ સરોડા પહોંચી. સરોડા આવતાં હું ગામ તરફ ચાલવા લાગ્યો. મારી પાછળ બે ભાઈઓ હતા અને તેની પાછળ પેલાં બન્ને બહેનો. બે ભાઇઓમાં એક બ્રાહ્મણ અને બીજા પટેલ જણાયા. એક ભાઇએ મને અજાણ્યો સમજી કે પછી પેલાં બેનો સાથે કાંઈ વાતચીત થઈ હોય તેથી મને પૂછયું 'તમારે કયાં જવું છે ?' મેં તેમને મહાત્મા



શ્રી યોગેશ્વરજીના ઘરનાં દર્શન કરવાનો મારો આશય જણાવ્યો. તે ભાઈ મને મકાન બતાવવા આવ્યા. પડખે બે કાચાં ચણ-તરનાં બે ઓરડા તથા સામે નાની વંડી જેવું છે. તે ભાઇએ મને તે દેખાડી કહ્યું કે 'આ યોગેશ્વરજીનાં મકાન છે.' તેમણે મને ખૂણાનું વંડી પાસેનું મકાન દેખાડતાં કહ્યું કે 'યોગેશ્વજી આ મકાનમાં રહેતાં.' મેં આંગણાની ધૂળ શ્રધ્ધા પૂર્વક માથે ચડાવી. હું બન્ને ઓરડાનાં દ્વાર સામે જોઈ મનોમન કહી રહ્યો કે વૃક્ષમાંથી દ્વારનો દેહ ધારણ કરી આ ઓરડા સાથે જડાઇ જતાં પહેલાં, તમારાં દેહ પર તમોએ કરવત, રંધો, ફરસી વગેરે તીક્ષ્ણ ઓજારોના જે આઘાતો સહન કર્યા તે સાર્થક થયા. અનેક વખત મારા પ્રભુનાં કરકમલના સ્પર્શનો લાભ તમને સાંપડયો હશે. તેમના બાલ્યકાળથી માંડી 'મહાત્મા' બનતાં સુધીનાં તેઓશ્રીનાં જીવનના તમે દ્દષ્ટા છો. તમો ધન્ય બની ગયાં. આ ઓરડાઓ સાથે દ્વાર બની તમારું જડાઈ જવું સાર્થક થયું.

મહાત્માશ્રીની સ્મૃતિથી મારું ગળુ રૂંધાઇ ગયું. મારાથી ડુસકું મૂકાઈ ગયું. પેલા ભાઈ પણ ગંભીર બની ગયા. તેમણે મને કહ્યું 'ઘણા મોટા મહાત્મા બની ગયા કેમ ખરું ને ?' પરંતુ તેમને કાંઈજ પ્રત્યુત્તર હું આપી શકયો નહિ. તે માટે મારી માનસિક સ્થિતિ નહોતી. તે ભાઇએ મને કહ્યું "જો તમારું દર્શન પૂરું થઈ ગયું હોય તો પહોંચી જાવ. બસ ઊભી હશે તો મળશે. મેં ગમગીન ભારે હ્રદયે પગ ઉપાડ્યા. કોઇ નવપરિણિત કન્યાને બાપનું ઘર છોડતાં જેવી ગ્લાનિનો અનુભવ થાય તેવોજ અનુભવ મને થયો. પૂજ્યશ્રીનાં તે મકાન પાસેથી મારા પગ ઉપડતાજ નહોતા. હું હતાશ હ્રદયે હ્રદય ઉપર મોટા બોજનો અનુભવ કરતો ત્યાંથી આગળ વધ્યો.

રસ્તામાંજ સામે મળેલ એક ભાઇએ જણાવ્યું કે બસ તો ઉપડી ગઈ.

મેં મનોમન કહ્યું "જેવી ગુરુદેવની મરજી."

પછી ગામના પાદરમાં બે ખેડૂત જેવા ભાઇઓ મળ્યા. તેઓ પાસે બબ્બે ટાયર હતાં. (ટ્રેકટરનાં હશે એમ લાગ્યું) તેઓ ટાયર રીપેર કરાવવા માટે ધોળકા જતા હતા. હું પણ તેઓની સાથે ચાલવા લાગ્યો. રસ્તા ઉપર તે ભાઇઓને એક પ્રૌઢ ખેડૂત જણાતાં ભાઈએ કહ્યું કે ધોળકા જવા માટે લગભગ સાત-સાડા સાતે એટલે આશરે કલાક થી દોઢકલાક પછીજ દૂધનો ટેંપો ધોળકા જવા મળે. મને એક ભાઇએ કહ્યું કે ચાલીને વાસણા (અમદાવાદ પાસેનું નહિ) જતા રહો ત્યાંથી તમને ઘણાં સાધનો ધોળકા માટે મળી રહેશે. પરંતુ તે ગામ સરોડાથી છ થી સાત કિલો મીટર દૂર હતું. તેથી મેં વિચાર્યું કે છ-સાત કિલોમીટર આવી વાસણા જવું એ કરતાં ધોળકાજ ચાલ્યા જવું કાંઈ ખોટું નહિ. મારી ધારણા મુજબ ચાલતાં દોઢેક કલાકે ધોળકા પહોંચી જવાય. રસ્તા ઉપર થોડે દૂર એક ભાઈ સાયકલમાં પંચર પડેલ હોવાથી સાયકલને દોરી ચાલ્યા જતા હતા. મેં પણ કાંઇ જ સાધન ન મળે તો ધોળકા સુધી ચાલીને જવા નિર્ણય કર્યો અને હું પણ ઉભા રસ્તે ચાલવા લાગ્યો.

સરોડાથી ધોળકા જવાના રસ્તે બન્ને બાજુ આમલીનાં વૃક્ષો દૃષ્ટિ ગોચર થાય છે. તેનું નિરીક્ષણ કરતો અને આજુ-બાજુ આવેલા પ્રાકૃતિક દૃશ્યોનું અવલોકન કરતો કરતો મોટા અવાજે "હરિ ૐ યોગેશ્વરાય નમઃ" ની ધૂન બોલતો બોલતો ચાલ્યો જતો હતો. દૂર આકાશમાં સંધ્યા રંગોળી પૂરી રહી હતી. વાતાવરણ ઘણુંજ આલ્હાદક હતું.



આમ આશરે વીસેક મિનિટ ચાલ્યો હોઇશ ત્યાં તો રસ્તાની ડાબી બાજુ એક દૂધના ટેંપામાં એક બહેનને દૂધનું કેન ચડાવતાં જોયાં. રસ્તાની જમણી બાજુ રીડુ ગામનું બોર્ડ જોવા મળ્યું. જેવું પેલા બહેને કેન ચડાવ્યું કે તરતજ ટેંપાનો પાછલો દરવાજો ચડાવી દેવામાં આવ્યો. તે જોતાં મેં થોડી દોટ મૂકી અને ઝડપથી ટેંપા પાસે પહોંચી ગયો. તે ટેંપો ધોળકાજ જતો હતો. ટેંપાના માલિકે મને બેસી જવા કહ્યુ એટલે હું ટેંપામાં બેસી ગયો. થોડે ચાલતાં એક બીજા ભાઈ પણ ધોળકા આવવા ચડયા. વીસેક મિનિટમાં ટેંપો ધોળકા બહાર આવેલ રસ્તે પહોંચી ગયો. જુઓ, પૂ. ગુરુદેવે કેવી કૃપા કરી !

ખરી વસ્તુ પાછળ વખત આપવાનું આપણને ખૂંચે છે અને નકામી વસ્તુ પાછળ ખુવાર થઇએ છીએ, ખુશ થઈએ છીએ.

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ

ઢેબર રોડ, રાજકોટ-૨

# ઓળખો આપણા મનને (૩)

મંગળભાઇ પંચાલ

## શક્તિઓના પ્રકાર અને તેનો આવિષ્કાર

આપણા શરીરના કોષો દ્વારા જે શારીરિક તેમજ માનસિક શક્તિઓ રોજરોજ ઉત્પન્ન થાય છે તે નીચેના ક્રમમાં ગોઠવી શકાય :

૧. ઉત્પાદક શક્તિ અથવા સામર્થ્ય–Creative energy
૨. પ્રેમ–Love, Affection
૩. સ્વત્વ–Individuality
૪. આંતરજ્ઞાન–Interior Understanding
૫. લાગણીઓ–ભાવો-Emotions
૬. અંતરદૃષ્ટિ–Intuition
૭. બુદ્ધિ–Intelligence
૮. તન–મન દઇને કામ કરવાની શક્તિ–Application
૯. આવિષ્કાર–Expression

મનુષ્યના મસ્તકમાં મગજનું એક ચોક્કસ સ્થાન રહેલું છે. આ મગજમાં ઉપરોક્ત તમામ શક્તિના કેન્દ્રો જ્યાં જ્યાં આવેલાં છે તેના ચોક્કસ સ્થાન છે. આપણા શાસ્ત્રોમાં આને વિષે બહુ ચોક્કસ ઉલ્લેખો મળતા નથી, પરંતુ પરદેશોમાં બુદ્ધિવિકાસની અત્યંત ઉપયોગિતા સમજાયાથી મગજના વિકાસ અર્થે અનેક પુસ્તકો લખાયાં છે. એક આખી Faculty ઉભી થઇ છે અને આ 'ફેકલ્ટી'ને તેઓ Phranology



તરીકે ઓળખાવે છે. અહિયાં સહજ ઇશારો જ કર્યો છે, પરંતુ જિજ્ઞાસુઓએ વધુ અભ્યાસ તેમજ સંશોધન માટે Phranology ના વિષયનાં ઉપયોગી પુસ્તકો જરૂર વાંચવાં.

આપણને પરમકૃપાળુ પ્રભુએ આટલી જ શક્તિઓ આપી છે એવું રખે માની લેતા. આપણા શરીરની રચના આમેય ખૂબ જ જટિલ છે. એક એક અવયવની સાંગોપાંગ રચના સમજાવવા માટે કેટલાંય વોલ્યુમ તૈયાર કરવાં પડે. તેમાંય વળી મગજની રચના તો અતિસૂક્ષ્મ અને અત્યંત જટિલ છે. શરીરશાસ્ત્રીઓ પણ આજ સુધી મગજની રચનાનો પાર પામી શક્યા નથી.

કલ્પનાશક્તિ, અપૂર્વતા, પૃથક્કરણશક્તિ, સમતા, એકરાગ (harmony), અનુકંપા, દયા, કરૂણા, ભક્તિભાવ, પૂજ્યભાવ વગેરે અનેક ભાવાત્મક અને ગુણાત્મક શક્તિઓનાં કેન્દ્ર મગજમાં આવેલાં છે. પ્રકૃતિ મૈયાએ આ શરીર બનાવીને તમામ શક્તિઓના વિકાસ માટે દરવાજા ખૂલ્લા મૂકી દીધા છે. જેને જેટલી શક્તિ જોઇએ તેટલી પ્રયત્ન કરીને પ્રાપ્ત કરી લેવી.

## મગજના વિકાસની ઉપયોગિતા

આપણા મનમાં અગાધ સામર્થ્ય રહેલું છે. બીજરૂપે આપણે સ્વયં સંપૂર્ણ છીએ. એટલે જ તો આપણા સર્વ પ્રયત્નો પૂર્ણતા તરફ જવા માટેના જ હોય છે. જ્યાંસુધી પૂર્ણતા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી જન્મોજન્મ આ પ્રક્રિયા ચાલુ જ રહેવાની છે. પ્રભુએ અર્જુનને એટલા માટે જણાવ્યું હતું, " હે અર્જુન, તારા અને મારા ઘણા જન્મો આ પહેલાં થઇ ગયા છે. તને તેની ખબર નથી પરંતુ મને છે......." દરેક જન્મમાં આપણે પૂર્ણતા તરફ થોડુંવધતું પ્રયાણ કરીએ જ

છીએ પરંતુ જ્યારે આપણને આપણી માનસિક શક્તિઓનું ભાન થાય છે ત્યારે આપણા પ્રયત્નોમાં કુશળતાની સાથે ઝડપ પણ આવે છે અને "ઘંટોકા કામ મિનિટોમે" અર્થાત લાંબો પંથ ભારે ઝડપથી કપાઈ જાય છે.

અત્યારે આપણી પાસે જે સાધન છે તે વડે ધારો કે આપણે કલાકે ૩૦–૪૦ કીલોમીટરની ઝડપે પ્રવાસ કરી શકીએ છીએ. પરંતુ આથી વધુ શક્તિવાળા વાહનનો ઉપયોગ કરીએ તો તેનાથી બે ગણી કે ત્રણગણી ઝડપે પ્રવાસ થઈ શકે. એમાંય વળી વિમાન અથવા અવકાશયાન દ્વારા પ્રવાસ કરવાનું બને તો કલાકના હજારો કીલોમીટરની ઝડપે પ્રવાસ થઇ શકે.

જે વ્યવહાર જગતમાં બને છે તે જ આંતરજગતમાં પણ બને છે. ઉત્તમ સદ્ગુરુની સહાય પ્રાપ્ત થતાં પૂર્ણતા તરફનો આપણો પ્રવાસ ખૂબજ ઝડપી બની જાય છે. જો આપણું વાહન બરાબર કામ ન આપતું હોય તો પ્રવાસમાં ઘણી મુશ્કેલીઓ નડે છે. આ સર્વના અનુભવની બાબત છે. જો સ્કુટર, મોટર, ગાડી કે વિમાન બરાબર કામ ન આપતાં હોય તો ઘણી વાર આપણો પ્રવાસ અધવચ્ચે જ અટકી પડે છે. તેથી સૌ પહેલાં આપણું વાહન બરાબર છે કે નહીં તેની ખાતરી કરી લેવી. નહીં તો અધવચ્ચેજ સાધના રહી જશે અને વાહનની મરામતમાં લાગી જવું પડશે.

આપણા મગજનું પણ કંઇક આવું જ છે. વાજીંત્ર વગાડનાર ગમે તેટલો હોશિયાર હોય પરંતુ તેના હાથમાં આપવામાં આવેલ સીતાર કે વાયોલીન અથવા હારમોનીયમ, ગમે તે વાજીંત્ર, ખામીવાળું હોય, તો વાજીંત્રકારના ગમે તેટલા પ્રયત્નો છતાં તેમાંથી સુંદર સુરાવલિ કે ગાયન-વાદન થઈ જ ન શકે.



આપણે જાણીએ છીએ કે મનની શક્તિ અગાધ છે અને આ શક્તિનું પ્રકટીકરણ મગજદ્વારા થાય છે. આ શક્તિઓને બહાર લાવવાનું સાધન એક માત્ર મગજ છે. આપણે ઘણી વખત કેટલાય લોકોને એમ કહેતા અને બોલતા સાંભળીએ છીએ, "મારૂં મગજ બહેર મારી ગયું છે." "કટાઇ ગયું છે" "સાલું, મારા મગજમાં કંઈ ઉતરતું જ નથી", "એય તારૂં મગજ તો ઠેકાણે છે ને ?" "શું, મગજમાં રાઈ ભરી છે ?" વગેરે. આ સર્વ એ જ બતાવે છે કે તેઓનાં મગજ અવ્યવસ્થિત અને ખામીવાળાં છે. સદ્ગુરુ ગમે તેટલી યુક્તિ-પ્રયુક્તિઓથી ગૂઢ વિષયોને સમજાવવા માટે શિષ્યને બોધ આપતા હોય પરંતુ શિષ્યનું મગજ જો આવું ખામીવાળું હશે તો ગુરુની સર્વ મહેનત નકામી જવાની.

આ કારણથી આપણે મગજનો વિકાસ કરવાનું ઉચિત માન્યું છે. લાકડાની તલવારથી ગમે તેટલો શુરવીર અને યુદ્ધનિપૂણ સિપાઇ કેટલું લડી શકવાનો ? શત્રુની સાચી તલવારનો એક જ ઝાટકો વાગ્યો કે લાકડાની તલવારના બે ટૂકડા ! ક્રિયા ન કરવાને પરિણામે એક હાથ ઉંચો રાખી તપ કરનાર બાવાનો તે હાથ બે ચાર મહિનામાં ચીમળાઈને સોટી જેવો થઈ જાય છે. આજ પ્રમાણે આપણે મગજનો વિકાસ કરવાનો કોઈ પ્રયત્ન ન કરીએ તો આપણાં મગજ પણ ચીમળાઈ જ જવાનાં. વીસ બાવીસ વર્ષની ઉમર સુધી મગજનો જે વિકાસ થયો હોય અને સંસારવ્યવહારનાં જે કામોમાં મગજને જોતરવામાં આવ્યું હોય તે બાદ, જો વધુ વિકાસના પ્રયત્નો કરવામાં ન આવે તો સાઇઠમે વર્ષે પણ આપણે જેવા ને તેવા જ કોરા રહી જઇએ છીએ. કારણકે સંસાર વ્યવહારનાં કામ કરવા માટે મગજના જેટલાં કોષો ઉપયોગમાં લેવાતા હોય તે બાદ કરતાં બાકીના કોષોનો

વિકાસ ન થવાથી ચીમળાઇને નકામા બની જાય છે. મોટી ઉંમરે વધુ યાદ ન રહેવાનું આજ કારણ છે. તેથી મગજનો વિકાસ અત્યંત જરૂરી અને અનિવાર્ય છે.

## શરીરમાં મગજનું સ્થાન

મગજનું શાસન આખાયે શરીર પર ચાલે છે સર્વ-પ્રકારની કામનાઓ મગજમાં જ અનુભવાય છે. મગજ અત્યંત કોમળ હોવાથી તેને ખોપરીની ગુફામાં સુરક્ષિત રીતે રાખવામાં આવ્યું છે. આ ખોપરી ઉપર પણ ચામડી તેમજ વાળ આવેલા હોવાથી તેનું રક્ષણ થાય છે. આ મગજ ચાર ભાગમાં વહેંચાયેલું છે. (૧) મોટુંમગજ, (૨) નાનુમગજ, (૩) મજ્જાસેતુ અને (૪) લંબમજ્જા.

**(૧) મોટુંમગજઃ**–મોટુંમગજ જ્ઞાન અને બુદ્ધિનું કેન્દ્ર હોવાથી વિચારવું, કલ્પના કરવી, નિર્ણયો લેવા, યાદ રાખવું વગેરે કાર્યો તે કરે છે. વળી સંવેદનાઓ ઝીલવી, પૃથક્કરણ કરવું, પૂર્વાનુભવો પ્રમાણે નિર્ણય લઇ શરીરના તમામ અવયવોને યથાયોગ્ય ક્રિયા કરવા આદેશો આપવાનું કાર્ય પણ આ મગજ કરે છે. અનિચ્છાવર્તી સ્નાયુઓ તેમજ જ્ઞાનતંતુઓ આ મગજના કાર્યક્ષેત્રમાં નથી આવતાં.

**(૨) નાનુંમગજઃ**–જુદી જુદી શારીરિક ક્રિયાઓનું સંતુલન નાનું મગજ કરે છે. મોટા મગજે કરેલા નિર્ણયોને અનુસરીને શરીરમાં આવેલા તમામ અવયવોની પાસે તે ક્રિયાઓ કરાવે છે. એક રીતે તે વડાપ્રધાનના મુખ્યમંત્રી તરીકે ફરજો બજાવે છે તેમ છતાં ઇચ્છાવર્તી સ્નાયુઓ અને કેટલાક જ્ઞાનતંતુઓ ઉપર પણ તેની સત્તા ચાલે છે. મોટું-મગજ તેની આ સત્તામાં જરાય હસ્તક્ષેપ કરતું નથી.



**(૩) મજ્જાસેતુઃ**–આ અવયવ નામ પ્રમાણે જ ગુણ ધરાવે છે. કોઇ મોટા શહેરના ટેલીફોન એક્ષચેન્જ જેવું મજ્જાસેતુનું કાર્ય છે. શરીરના જુદા જુદા ભાગોમાંથી આવતી સંવેદનાઓને મગજમાં આવેલાં સંવેદનાગ્રાહક કેન્દ્રોમાં મોકલે છે. મોટા મગજે કરેલા નિર્ણયો, નાનામગજમાં થઇ, અહિં આવી આખા શરીરમાં પહોંચાડવામાં આવે છે.

**(૪) લંબમજ્જાઃ**–મજ્જાસેતુની નીચે અને નાના મગજની મધ્યમાં આશરે દોઢેક ઇંચ લાંબો અને અર્ધો ઇંચ પહોળો શંકુ આકારનો આ અત્યંત પોચો ભાગ લંબમજ્જા કહેવાય છે. ઋષિમુનીઓ તેને મેરૂદંડ કહીને ઓળખાવે છે. શરીરમાં આવેલા અનિચ્છાવર્તી સ્નાયુઓ જેવા કે જઠર, આંતરડાં, હૃદય વગેરે પર તેની સત્તા ચાલે છે. શ્વાસોચ્છ્વાસ તેમજ રૂધિરાભિસરણ કેન્દ્રનું નિયંત્રણ પણ લંબમજ્જા કરે છે. આના ઉપર અંકુશ પ્રાપ્ત કરવા માટે યોગીઓ તેમજ સંત મહાત્માઓ ઉપર દર્શાવેલી તેની અગત્યતાને કારણે સતત તપ, સંયમ વગેરે કરતા હોય છે. (ક્રમશઃ)

## વિશ્રામગૃહને સહાય

અંબાજી ખાતે બંધાઈ રહેલા પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને નીચેના સરનામે સહાય મોકલી શકાયઃ–

શ્રી બાબુભાઇ વોરા,
૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

## દિવ્ય કૃપાને ઢાળો

દિવ્ય કૃપાને ઢાળો,
દયામય, દિવ્ય કૃપાને ઢાળો.

માર્ગ ભર્યો અંધારે મારો,
અમૃતથી અજવાળો;
કંટકકંકર દૂર કરી દો,
નૌકા મારી તારો. દયામય

રોજ પ્રભાતે કરૂં પ્રતીક્ષા
વચન તમારૂં પાળો;
દીનપર દયા લાવો આજે
મરતાને ના મારો. દયામય

પાગલ અંતર તલસે તેને
શીતળ સ્પર્શે ઠારો,
આધાર તમારો છે એકલ
પોકાર સુણો મારો. દયામય

—યોગેશ્વરજી



## ગુરુ પ્રસાદી

ગુરુદેવ કૃપા
સદા
કરાવે મનન.

ભજ મન
લે આચમન,
નામ સ્મરણથી,
ભરી દે મન.

લગાવ આસન.
જાગે મન
ભાગે તંદ્રા,
તન સદા
બને સુખદા.

સુખદાયક તન
કરે મન પ્રસન્ન.
પ્રસન્ન ઉરે
ઉભરે ના ઉદ્વેગ.

ઉદ્વેગ રહિત મન
કરે સિધ્ધ આસન
આસનમાં સદાએ
કર તું મનન,
નામ સ્મરણથી
ભરી દે મન.

—સતીશ ભક્ત

## માગો

ઇશ્વરની પાસે માગો,
એટલે તે તમને આપશે.
તમારી જરૂરિયાત માટે ઈશ્વરની પાસે આવો
અને તે પૂરું પાડશો.

ઈશ્વરને પ્રાર્થના કરો,
તે તમારૂં સાંભળશે,

કારણ, જે કોઇ ઈશ્વરની પાસે માગે છે
તેને ઈશ્વર આપે છે.

જે કોઈ ઈશ્વરની પાસે મદદની આશા રાખે છે
તેને ઈશ્વર તે પૂરી પાડે છે.

જે કોઇ ઈશ્વરને પ્રાર્થના કરે છે,
તેનું ઈશ્વર સાંભળે છે.

કારણ કે તે તમારા સ્વર્ગમાંના પિતા છે.
અને જે કોઇ તેમની પાસેથી
પવિત્ર આત્મા માગે, તેને તે આપશે.

ભગવાન ઇસુ (બાઇબલ)



## ગુણોનાં લક્ષણ

ગુણો ત્રણ કહ્યા છે વેદમાં બધે,
સત્વ, રજસ્ તમસ્ થી પ્રકૃતિ બને.

મારૂં, મારૂં, સઘળું મારૂં દિસે જેને.
તિમિરમાં ભટકતો જન નક્કી બધે.

ભટકતો ભવમાં અભાગી અંધ તે,
ત્યજાયેલો તમસ્ ગુણથી તે સઘળે

આ આપણું, આ આપણું એવું કહે,
દ્વન્દ્વભણી સદાય જગતમાં જે જીવે.

માતાપિતા, પતિ પત્ની સ્વાર્થથી સંગે,
રમણ કરતો રજસ્ ગુણે તે સદા રમે !

વિશ્વ છે વિરાટ અને માયા છે મારી
નથી મારૂં, નથી કોઇનું વાણી જે ઉચ્ચરે.

સમભાવી, સદાચારી, સહૃદયી પ્રેમી તે,
સંત જ્ઞાની સત્વ ગુણથી ચિદાનંદ રહે !

જવલ્લે જ જગતમાં ત્રિગુણાતીત મળે,
રાજા જનક જેવા કોઇક વિરલ જડે.

રમણ મહર્ષિ, રામકૃષ્ણ કોઈક બને,
ગુણાતીત એવાજ કોક પામે પ્રભુને.

–સુરેશ સી. દવે
ઓન્ટારિયો કેનેડા

# પ્રશ્નોત્તરી

ઘણું જ અગત્યનું.

યોગેશ્વરજી

[પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી સાથે આધ્યાત્મિક પ્રશ્નો પૂછનાર હતાઃ–શ્રી ગિરીશભાઈ કે. પટેલ અને શ્રી ઇશ્વરભાઇ આર. પટેલ, વાર્તાલાપની નોંધ લેનારઃ–શ્રી જમિયતરામ શુકલ]

પ્રશ્નઃ–ખેચરી ક્રિયા વિશે સમજાવો.

ઉત્તરઃ–પ્રથમ તો ખેચરીનો લાભ શું છે ? તે જાણવું જરૂરી છે. જીવનનું લક્ષ્ય શું છે ? ખેચરી શું મદદરૂપ થઈ પડે છે ? આપણને ક્રિયાઓનો મોહ રહી જાય છે. ક્રિયાદ્વારા પ્રાપ્તવ્યનો પુરૂષાર્થ એકધારો હોવો જોઈએ. खं એટલે આકાશ. चर એટલે ચરવું, વિહાર કરવો. खे आकाशे चरति इति खेचरी । આકાશ બે છે. બહારનું આકાશ અને અંદરનું આકાશ. અંદરનું આકાશ હૃદયાકાશ છે. ખેચરી આપણને અંદરના આકાશમાં હૃદયાકાશમાં લઇ જાય છે, મનને નિર્વિકલ્પાવસ્થામાં લઇ જાય છે. સમાધિનો આનંદ આપે છે. નિર્વિકલ્પાવસ્થામાં જવું, વિચાર-વિકાર રહિત બની સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો. આ ખેચરીનું ધ્યેય છે. આજે સમાધિમાં જવાની જ્યાં વાત આવી ત્યાં આકાશમાં ઉડવાની સિદ્ધિ મેળવવાની વાત આવે છે. બીજાનાં મનની વાત જાણવા તરફ બધા લલચાય છે. ખેચરીદ્વારા પ્રાપ્ત થતી સમાધિનું આ સિદ્ધિઓ મેળવવાનું લક્ષ્ય નથી. ખેચરી એ કષ્ટસાધ્ય ક્રિયા છે. લાંબો પુરુષાર્થ માંગે છે. નિર્વિકલ્પાવસ્થામાં જવું આત્મદર્શન કરવું એ બધું કેવળ ધ્યાનથી પણ થાય છે. ધ્યાન નામજપ સાથે કરો. અથવા એકલું કરો તોપણ ચાલે. નામ



જપથી, ધ્યાનથી આપણે હૃદયાકાશમાં પ્રવેશી શકીએ છીએ. નામ જપથી, ધ્યાનથી આત્મદર્શન થાય છે. ખેચરીનું લક્ષ્ય પણ આત્મદર્શન છે, અને જ્યારે નિર્વિકલ્પાવસ્થામાં જવાય છે, સમાધિમાં જવાય છે, અને આત્મદર્શન થાય છે ત્યારે–ઇચ્છા હોય કે ન હોય–તો પણ શક્તિઓ સહજ રીતે પ્રાપ્ત થાય છે.

ધ્યેયની પ્રાપ્તિ માટે બને તેટલો અભ્યાસ આદરવો. ત્રણ કલાક ઓછામાં ઓછા એક આસને બેસવું. ઓછામાં ઓછા ત્રણ કલાક એક આસન પર ફાળવવા જોઇએ. જીભ ઉલટાવીને અંદર તાળવામાં ઉપર જાય એટલી રાખવી. મન નિર્વિકલ્પાવસ્થામાં પ્રવેશે છે. આપોઆપ દેહભાન ચાલ્યું જાય છે. ત્રણ કલાક જો ન બેસી શકાય તો એક બેઠક પર એક કલાક સવારે બેસવું અને એક કલાક સાંજે કાઢવો. દેહથી ઉપરામ બનીને ઇંદ્રિયોના પ્રદેશથી ઉપર જઇએ ત્યારે મન અંદરખાને અમૃત જેવો રસાસ્વાદ અનુભવે છે. સારા વિચારો કરવાથી અપાર્થિવ આનંદ આવે છે. કોઈ સરસ દૃશ્ય જોઇએ છીએ ત્યારે રસનો ખજાનો પ્રાપ્ત થાય છે. નિર્વિકલ્પ સમાધિમાં અસાધારણ રસનો આનંદ થાય છે. આખું શરીર વ્યાધિરહિત બને છે અને વૃદ્ધાવસ્થાથી રહિત બને છે. નામ જપ કરવાથી, ધ્યાન ધરવાથી પણ પરમાણુઓ બદલાય છે. બાર વર્ષમાં આખું શરીર બદલાય છે. પાર્થિવ પરમાણુઓ પણ બદલાય છે. એકલા ધ્યાન, જપ અને ભક્તિભાવથી માનસિક બંધારણ પરિવર્તિત બની જાય છે.

પ્રશ્નઃ–ખેચરી કેવી રીતે કરવી ને તે કરતાં શું કરવું ?

ઉત્તરઃ–જીભને ઉલટાવવી–આજ્ઞાચક્રમાં દૃષ્ટિ સ્થિર કરવી. આજ્ઞાચક્ર એટલે શું ? બે ભ્રૂકુટિઓની મધ્યનો ભાગ. કપાળ

ઉપર નાકની ઉપરનો ભાગ તે આજ્ઞાચક્ર કહેવાય છે. મંત્રનું ચિંતન કરવું, અથવા શાંતિથી બેસવું. જે અનુભવ થાય તે કરવો. પછી અનુભવ કરનારી વસ્તુ પણ શાંત થઇ જશે. ઈશ્વરની દયા કામ કરે છે. જીવોને મેળવવામાં, અલગ કરવામાં, જીવો પર એકબીજા પર પ્રેમ કરવામાં ઇશ્વરની ઇચ્છા કામ કરે છે. ધ્યાનનો અભ્યાસ કરીશું તો આપણને આપણી અંદર સિદ્ધપુરૂષોનાં દર્શન થશે. સમાધિની અવસ્થામાં તે આપણી સામે પ્રગટ થશે. આપણી સાથે વાતો કરશે. આશિર્વાદ આપશે. આને સિદ્ધોના દર્શનનો અનુભવ કહે છે. લાંબે વખતે અભ્યાસ પછી આ અનુભવ થાય છે. ભવિષ્યના પડદા ઉઘડવા માંડશે. સિદ્ધપુરુષો દર્શન આપીને કહેશે. મનની અંદરના પડળો ઉઘડી જવાથી અતીતનું જ્ઞાન થશે. અંદરથી કહેવામાં આવશે. એને આકાશવાણી કહે છે, અંદર હૃદયરૂપી આકાશ છે. અંદરથી શબ્દો મળશે. અતીત અને અનાગતનું જ્ઞાન મળશે, શક્તિઓ ઉદ્ભવશે, છેવટે આત્માનુભૂતિ કરશું.

પ્રશ્નઃ-આ ક્રિયાઓ કરતાં પહેલાં શારીરિક શુદ્ધિ, આહાર અને વર્તનમાં શું શું કરવું ઘટે ?

ઉત્તરઃ-આહાર જેટલો ઓછો એટલી સાધના સારી. કોઈપણ વિધિ કરવી હોય તો સદાચાર નંબર એક જોઇએ. આહાર અલ્પ અને સાત્ત્વિક હોવો જરૂરી છે. પછી વિહાર આવે છે. વિહાર એટલે સદાચાર. આપણામાં મનુષ્યના દૈવી સંપત્તિના ગુણો છે. તેનો વિકાસ થવો જોઇએ. વ્યવહાર ઉદાત્ત થતો જાય, માનવતા આવતી જાય, આહાર ઓછો કરવો પડતો નથી, આપોઆપ ઓછો થઈ જાય. જે લેશો તે સાત્ત્વિક લેશો. શરીર શાના પર ટકી શકે ? આધ્યાત્મિક



ચિંતન, મનન વગેરેથી પરમાત્માના અનુસંધાનનું પોષક પરિબળ મળશે. ઈશ્વરની કૃપાથી પોષણ મળે છે. આધ્યાત્મિકતાદ્વારા પોષણ મળે છે. આહાર અલ્પ સમતુલિત બની જાય છે. પવિત્ર બને છે. વિચારો અને ભાવનાઓમાંથી આપણે બળ મેળવીએ છીએ. મનની અસર શરીર પર થાય છે. વિજ્ઞાનિકો વિચારોનું સંકલન કરે છે. દૂરથી પ્રાર્થનાઓ કરે છે. પ્રાર્થનાઓના પ્રભાવો પડે છે. સ્વાસ્થ્ય મળે છે. શરીર ઉપર વિચારો ભાવનાઓ અને પ્રાર્થનાઓની અસર પડશે. યોગશાસ્ત્રમાં આવે છે કે જેમ જેમ યોગ માર્ગે મનુષ્ય આગળ ચાલે છે તેમ તેમ આહાર અલ્પ થાય છે. શરીર જાડું ન રહે તો વાંધો પણ શું છે ? રોગો ઓછા થશે. સ્ફૂર્તિ રહેવી જોઇએ. ચૈતન્ય રહેવું જોઇએ આની જરૂર છે.

પ્રશ્નઃ-ખેચરી વિષે ફરીથી ટૂંકમાં કહેશો ? શું કરવું જોઈએ તે ફરી સમજાવો.

ઉત્તરઃ-ખેચરીમાં જીભને તળિયેથી નીચલા ભાગમાં જ્યાં વળગેલી છે ત્યાંથી જરા ધીમે ધીમે કાપવામાં આવે છે. જીભનું દોહન કરવામાં આવે છે. એમ કરી જીભને લંબાવવામાં આવે છે. જીભ નાકના ટેરવાને અડીને રહે એટલી લાંબી કરવામાં આવે છે. જીભને અંદર જેટલે દૂર લઇ જવાય તેટલે દૂર લઇ જવી. અંદર ચોંટાડવી, ધ્યાનમાં રોજ બેસવું, દૃષ્ટિને બંને ભ્રમરની મધ્યમાં આજ્ઞાચક્રમાં બંધ આંખે સ્થાપિત કરવી. ॐ નો જપ કરવો અથવા કોઇપણ ઇષ્ટમંત્રનો જપ કરવો. અને રુચિ ન હોય તો શાંતિથી બેસી રહેવું. મનને નિર્વિકલ્પ-વિચાર રહિત કરવાનો પ્રયત્ન કરવો. જેથી મન ડૂબશે. શ્વાસની ક્રિયાઓ ધીમે ધીમે ઓછી થશે. શ્વાસ-

રૂંધન થશે. દેહભાન ભુલાશે. સમાધિ અવસ્થા થશે. પ્રયત્ન કરવાનો. દરરોજ ખેચરીનો એક કલાક કરવો. ધ્યાનનો સમય વધારવો. બે કલાક બેસવું. જે અવસ્થામાં દેહભાન રહેતું નથી તે સમાધિ અવસ્થા છે, મારે ચિંતા કરવાની નથી. આપણે કોઈ કોઈના નોકર નથી. આપણે કોઇના ખરીદાયેલા નથી. જ્યાં સુધી રૂચિ છે ત્યાં સુધી ચાલવાનું છે. આપણે આશ્રય પરમાત્માનો લીધો છે. પરમાત્મા સાથે સમાધિ દ્વારા માનસિક રીતે જોડાણ કરીએ ત્યાર પછી દોરી તેના હાથમાં છે. આપણી શક્તિ, આપણું માપ તે જાણે છે કયારે કેટલું આપવું તેનો નિર્ણય તે કરે છે. આપણને જે ઇચ્છા હોય તેનું નિવેદન કરવું. કહેવાનો આપણો હક્ક છે. પછી તેને જે કરવું હશે તે કરશે. સ્વરૂપ એટલે પોતાના રૂપને પહોંચવાનું છે. આત્માનો અથવા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. બાહ્ય વાસનાઓ, રાગદ્વેષ ઓછા થશે તેમ સરળ થશે. કોઇને સિદ્ધિ–મેળવવી હોય છે, તો તેઓ તે હેતુથી સાધના કરે છે.

પ્રશ્નઃ–કયું આસન સારું ? કયા આસનમાં બેસી ખેચરી ક્રિયા અથવા ધ્યાન કરવું ?

ઉત્તરઃ–આસન ચાર બતાવ્યાં છે. ૧. પદ્માસન. ૨. સિદ્ધાસન. ૩. સ્વસ્તિકાસન. ૪. સુખાસન. અમુક અવસ્થા પછી સુખાસન અનુકૂળ બને છે.

પ્રશ્નઃ–બધામાં શ્રેષ્ઠ આસન કયું ?

ઉત્તરઃ–જે આસન દ્વારા આપણું મન સ્થિરતા પામે તે આસન આપણા માટે શ્રેષ્ઠ છે. પાતંજલ યોગદર્શનમાં કહ્યું स्थिरं सुखं आसनम् । જે આસન મનની સ્થિરતા અને મનના સુખનો અનુભવ કરાવે તે આસન સારું છે. લક્ષ્ય એક જ છે.



પ્રશ્નઃ–દોહન, ચલન વગેરે ચાલું રાખું ને ?

ઉત્તરઃ–FIX કરવાનું, લગાડવાનું, સ્થિર બેસવાનું, વધારે ધ્યાન જીભ લાંબી થઈ તેનો લાભ લેવાનો છે. જીભ લગાડીને વધારે ધ્યાનમાં બેસવું. વધારે વખત સમાધિમાં રહી શકીએ તેનો લાભ લેવો. જીભ નાકના ટેરવા સુધી આવવી જોઇએ. સમાધિનો અનુભવ થવા માંડશે. પછી જીભનું ધ્યાન છૂટી જશે. ક્રિયાઓનો મોહ ન રાખવો. ક્રિયાઓ જેને માટે છે તે પરમાત્માનો મોહ રાખવો. ક્રિયાઓ સાધન છે સાધ્ય નથી. તમારો એકડો પૂરો થયો છે. પ્રાયમરી સ્કૂલ પૂરી થઈ છે. સેકન્ડરી સ્કૂલ પણ પૂરી થઇ છે. કોલેજમાં જાઓ.

અલ્પ અને સાત્વિક ખોરાક લેવો. ઉષ્ણતા વધારે એવો ખોરાક ન લેવો. આપણે અલ્પ ખોરાક લઇએ છીએ. પંજાબીઓ બહુ ખોરાક ખાય છે. કેટલાક નાસ્તો કરે. નાસ્તો છોડી દેવો જોઇએ.

પ્રશ્નઃ-હું ઓફીસમાં બેઠો હોઉં કાંઇ લખતો હોઉં. ત્યારે ખેચરીની ક્રિયા ચાલુ રાખી શકું ?

ઉત્તર ખેચરીમાં એક આસન પર બેસવાથી જ વ્યવસ્થિત ક્રિયા થાય. નામ સ્મરણ કોઇ પણ સમયે થઈ શકે. ખેચરીનો અભ્યાસ બેસીને કરવાનો આગ્રહ રાખવો. વાત ન કરતા હો તો ખેચરી કરી શકો. ખેચરી વખતે બહારની કોઇ પ્રવૃત્તિ ન જોઇએ. ¼ કલાક ½ કલાક પણ બધી પ્રવૃત્તિઓ તેની અંદર કેન્દ્રિત થઈ જવી જોઇએ. નામ સ્મરણ ગમે ત્યાં કરી શકો છો. ક્રિયાઓ માટે અમૂક સમય જોઈએ.

પ્રશ્નઃ–મને પરમું વર્ષ ચાલે છે. મારે આસનો કરવા કે નહિ ?

ઉત્તરઃ-તમો કયા કયા આસનો કરો છો ? જવાબઃ-શિર્ષાસન કરો. ધનુરાસન, પદ્માસન વિગેરે મળી ૧ કલાક આસનો કરવા.

યોગેશ્વરજીનો ઉત્તરઃ–થોડા આસનો સ્વાસ્થ્ય માટે સારાં છે. દા. ત. સર્વાંગાસન, શિર્ષાસનનો અભ્યાસ ચાલુ રાખો.

પ્રશ્નઃ–નાડી શુદ્ધિ શું છે ? પ્રાણાયામ કરવા કે નહિ ?

ઉત્તરઃ-અમુક જાતના પ્રાણાયામ ઉપયોગી છે. આસનોમાં પ્રાણાયામ આવી જાય છે. સ્વતંત્ર પ્રાણાયામ કરવા હોય તો નાડી શોધન પ્રાણાયામ કરી શકાય.

પ્રશ્નઃ-નાડી શુદ્ધિની ક્રિયા બતાવો ?

ઉત્તરઃ–હળવા પ્રાણાયામમાં કોઈ નુકશાન થવાનો સંભવ નથી. આપણે હળવા પ્રાણાયામ કરવા. ખેચરી સાથે આપોઆપ પ્રાણાયામ થાય છે. પ્રાણનો આયામ, નિરોધ–વિશ્રામ આપોઆપ થઈ જાય છે. શ્વાસ આપોઆપ ધીમો થઈ જાય છે. રોકાય છે. तयो श्वासप्रश्वासयोः गतिर्विच्छेदः प्राणायामः ॥ શ્વાસ અંદર જાય છે. પ્રશ્વાસ બહાર નીકળે બન્નેની ગતિનો વિચ્છેદ કરવો તે પ્રાણાયામ છે. નામ જપ કરતાં એકાગ્રતા આવે છે. શ્વાસ ધીમો થઈ જાય છે. જપ ક્યારે છૂટી ગયા તે પણ ખબર ન પડે. જાગીએ ત્યારે ખબર પડે કે જપ રહી ગયા. હાથમાં માળા હોય તો તે પડી જાય છે. એકમાંજ ધ્યાન કેન્દ્રિત કરવું. જીવન થોડું છે. બહુ ઝડપથી જાય છે. દિશા નક્કી કરો. તેની પાછળ લાગી પડવું. ખેચરી દ્વારા નિર્વિલ્પ થવા તરફ, સમાધિમાં પ્રવેશવા તરફ જ ગતિ રાખવી.

પ્રશ્નઃ–શરીર શુદ્ધિ કેવી રીતે કરવી ?

ઉત્તરઃ–આસનો કરવાં. વ્યાયામ કરવો. પવિત્ર આહાર દ્વારા શરીર શુદ્ધ થાય. શરીરમાં હાડકાં, ચામડાં, માંસ, રકતવાહિનીઓ છે. મિનિટે મિનિટે શરીર અશુદ્ધ થાય છે. મન શરીર પર અસર પાડે છે. મન નબળુ હોય તો શરીર પર અસર પડ્યા કરશે. મન બળવાન હશે, પરિપકવ હશે તો તે શરીર પર અસર પાડશે.



પ્રશ્નઃ-મન બળવાન શી રીતે બને ?

ઉત્તરઃ–સત્સંકલ્પથી મન બળવાન બને છે. પરમાત્માની પ્રાર્થના, આત્મનિરીક્ષણ, ત્રુટિઓ અવલોકવાથી સત્સંગ કરવો વગેરેદ્વારા મન બળવાન બને છે. સત્સંગના બે પ્રકાર છે. (૧) સ્થૂળ સત્સંગ (૨) સૂક્ષ્મ સત્સંગ. સાધુસંતો મહાત્માઓ સાથે પ્રત્યક્ષ મુલાકાત વાર્તાલાપ તે સ્થૂળ સત્સંગ છે, અને સંતપુરુષોના વચનોનું વાંચન, સારા પુસ્તકોનું વાંચન એ સૂક્ષ્મ સત્સંગ છે. માણસના જીવનને બદલવાની સત્સંગમાં બહું શક્તિ છે

પ્રશ્નઃ-સંસારમાં વેપાર, હુન્નર-ઉદ્યોગ, ધંધો વગેરે કરતાં ખેચરીમુદ્રા–ક્રિયા ચાલુ રહી શકે ?

ઉત્તરઃ–માણસનો પ્રમાદ વચ્ચે આવે છે. આપણે વિચારવું કે આપણે બીજું કંઇ કરવું નથી. જેટલો સમય મળે તેટલો સમય પૂજા, પાઠ, જપ, ધ્યાન કરવું તો ધંધો આપોઆપ છૂટી જશે. બેત્રણ કલાક સાધના કરવી. ધંધો પ્રમાણિકતાથી સારી રીતે કરવો. Voluntary Retirement-સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી લેવી. જીવન ટૂંકું છે. બહુ ઝડપથી ચાલ્યું જાય છે. ખબર જ પડતી નથી. પ્રભુને હું "મા" કહું છું. (શ્રી રામકૃષ્ણ દેવની જેમ) કાળ ઝડપથી કામ કરે છે. જીવનની ઘડીઓ ઓછી થતી જાય છે. લક્ષ્યને નજર સામે રાખી બને એટલું વહેલું કરવું તે જ કરી શકશે બાકી કંઇ જ ન થાય. ભુલભુલામણીમાં ક્યાંના ક્યાં અટવાઇ જવાય છે.

પ્રશ્નઃ-ધ્યાન નિયમિત કરીએ છીએ છતાં સંસારની ઝંઝટોને લીધે એકસરખો રસ, આનંદ જળવાતો નથી નિરાશા આવે છે. માર્ગદર્શન આપો ?

ઉત્તરઃ-આપણે જમીન પર ચાલીએ છીએ પણ જમીનની અંદરની પ્રગતિ જણાય નહિ. પૃથ્વીની અંદર રાસાયણિક

ફેરફાર થયા જ કરે છે. પણ ખબર પડતી નથી. ધરતીકંપ થાય છે. ત્યારે ખબર પડે છે. આપણે જમીનમાં બીજ નાંખી એ છીએ. જમીનની અંદર બીજની પ્રગતિ આપણને જણાતી નથી. બીજમાંથી અંકુર પ્રગટ થાય છે. ત્યારે ખબર પડે છે. અંકુરની પ્રગતિ પણ એકદમ ધ્યાનમાં આવતી નથી. અંકુરમાંથી છોડ, અને છોડમાંથી વૃક્ષ થાય છે ત્યારે ખબર પડે છે. આધ્યાત્મિક પ્રગતિ ઘણાં વર્ષોનો શ્રમ માંગે છે. ઝડપી દર્શન થતું નથી નિરાશ ન થવું. કરેલું નકામું જતું નથી. શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે न हि कल्याणकृत कश्चित दुर्गति तात गच्छति । કલ્યાણકાર્ય કરનારની કદી દુર્ગતિ થતી નથી. વળી શ્રીકૃષ્ણ કહે છે स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात ॥ થોડો પણ ધર્મ મહા ભયમાંથી મુક્તિ અપાવે છે. થોડીવાર પ્રસન્નતા–અપ્રસન્નતા શાંતિ–અશાંતિ સ્થિરતા–અસ્થિરતા એવું થતું રહે છે. આપણું અનુસંધાન પરમાત્મા સાથે થઈ જશે એટલે પછી અખંડ રીતે ચાલ્યા કરશે. કેટલાય જન્મના પુરુષાર્થ પછી એક જન્મમાં પ્રબળતા જણાય છે. કરેલું નકામું નહિ જાય. દરેક વસ્તુનો નિશ્ચિત સમય હોય છે. તે સમય આવે છે ત્યારે ઈશ્વરની ઈચ્છા હોય છે. ત્યારે તેના મહિમાનો લાભ લઈ શકીએ છીએ. જગદંબાની ઈચ્છા પ્રમાણે આપણી ઈચ્છાને ભેળવી દેવી જોઈએ.

પ્રશ્નઃ-પૂર્વજન્મોના કર્મની અસર આ જન્મમાં શારીરિક સ્થિતિ ઉપર પડે ખરી? દા. ત. મારી આંખ નબળી છે કોઈ કહે છે કે પુર્વજન્મમાં તમારા એવાં કોઇ કાર્યો હશે. જેને પરિણામે તમારે આંખની તકલીફ ભોગવવી પડે છે. આવું બને ખરું?

ઉત્તરઃ-બની શકે. આપણને આપણાં કર્મોના આધારે ફળ મળે છે. જે કર્મો કરીએ છીએ તે બધાં ભેગાં થાય છે, તે



સંચિત કર્મો કહેવાય છે. ભૂતકાળમાં કરેલાં બધા કર્મોનો સંગ્રહ થયેલો છે. તે સંચિત કર્મો બન્યાં છે. જે કર્મો ફળ આપવાની શરૂઆત કરે છે તે પ્રારબ્ધ કર્મ કહેવાય છે. અને આપણે જે નવાં કર્મો કરી રહ્યા છીએ તે ક્રિયમાણ કહેવાય છે. આ રીતે કર્મના ત્રણ પ્રકાર છે. (૧) પ્રારબ્ધ. (૨) સંચિત (૩) ક્રિયમાણ. કર્મભોગ એ પ્રારબ્ધ છે. સંચિતમાંથી પ્રારબ્ધ બને છે. કરાતાં કર્મો એ ક્રિયમાણ કહેવાય છે.

પ્રશ્નઃ-આપણે પ્રારબ્ધનું ફળ ભોગવતા હોઈએ ત્યારે સત્‌કર્મોદ્વારા ફેરફાર થઈ શકે?

ઉત્તરઃ-હા. ફેરફાર થઈ શકે. ઈશ્વરની કૃપાથી, મહાપુરૂષોના અનુગ્રહથી પ્રારબ્ધમાં ફેરફાર થઇ શકે છે. પરમાત્માને આજીજી કરવી, પ્રાર્થના કરવી એ સત્કર્મ છે. વિધિપૂર્વકની પૂજાઓ, ક્રિયાઓ, ગૃહશાંતિ કરાવીએ છીએ આ બધા સત્કર્મો છે. અને એ સત્કર્મોદ્વારા પ્રારબ્ધમાં ફેરફાર થઈ શકે છે.

## પરદેશના નવા આજીવન સભ્ય

| | | રૂા. |
|---|---|---|
| Flm-88 | જે. આઇ. પટેલ, શેલ્વી વીલે, યુ.એસ.એ. | ૧૫૦૧ |
| Flm-89 | શ્રી ઉર્મિલા જી. ભગત, પનામા. | ૧૫૦૧ |
| Flm-90 | શ્રી સન્મુખ નાથુભાઈ, પનામા. | ૧૫૦૧ |
| Flm-91 | શ્રી સોમાભાઇ ભીખાભાઈ પનામા. | ૧૫૦૧ |

પનામાનાં શ્રી ગુલાબબેન વસંતભાઈ ભક્ત, તેમજ નવા આજીવન સભ્યોને અભિનંદન.

મીન કદાચ પાણી વિના જીવી શકે, વરસાદના જળને છોડીને ચાતક સંસારનાં બીજાં જળને પીને કૃતાર્થ થવા માંડે, ને ચંદ્રમા પ્રત્યેના પ્રેમ ને આકર્ષણને સમુદ્ર છોડી દે; ચંદન પણ સુગંધ વિનાનું બની જાય, છતાં યે હે મા ! હે જગદંબા ! હે સકળ સંસારની સુધા ! તમારી પ્રાપ્તિ સુધી ચેન વળશે નહિ. તમારે માટે તલસ્યા વિના નહિ રહેવાય; ને ચેન ના વળે, તમારે માટે તલસ્યા વિના ના રહેવાય, એવો આશીર્વાદ દેજો, એવું વરદાન આપજો.

—યોગેશ્વરજી

સ્ટીલ ફેબ એન્જીનીયર્સ

એ–૧, ૪૩૬, જી.આઇ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા રોડ, વડોદરા–૧૦



(પ. પૂ. શ્રી યોગેશ્વરજીની આત્મકથા)

# પ્રકાશના પંથે

સંક્ષેપઃ–પરમાર્થી

## રામેશ્વરની યાત્રા

સાબરમતીથી અમે મુંબઈ થઈ મદ્રાસ પહોંચ્યાં. મદ્રાસમાં એક દિવસ સવારે પ્રાર્થના દરમ્યાન હૃદયમાં સ્ફુરણા થવાથી રામેશ્વર યાત્રાનો નિર્ણય કર્યો. ભારતનાં ચાર દિશાનાં ચાર પુરાણ પ્રસિદ્ધ પ્રખ્યાત ઐતિહાસિક તીર્થધામોમાં એની ગણતરી છે. રામેશ્વર ધામ પ્રમાણમાં છેક જ નાનું હોવા છતાં હૃદયંગમ, શાંત અને સુંદર છે.

રામેશ્વરમાં મંદિર પાસેની સુપ્રસિદ્ધ ધર્મશાળામાં ઉતર્યાં પછી સ્નાનાદિથી પરવાર્યાં પછી અમે ધર્મશાળાની સુંદર અગાસીમાં ગયાં. મને વિચાર થયો કે આ પુરાણપ્રસિદ્ધ પવિત્ર ધામમાં આવવાનું અચાનક કેમ થયું ? મદ્રાસમાં શિવરાત્રીના પાવન દિવસે મેં શિવમહિમ્નસ્તોત્રના પદ્યાનુવાદની પરિસમાપ્તિ કરેલી. એ સરસ સત્કર્મથી પ્રસન્ન થઈને ભગવાન શંકરે આ પુણ્ય પ્રવાસનું આયોજન કર્યું એવી લાગણી થઈ. એમણે એવી અપરોક્ષ રીતે એમનો અલૌકિક અનુગ્રહ વરસાવ્યો.

રાતે મંદિરમાં દર્શન માટે ગયાં. સુવિશાળ, સ્વચ્છ, સુંદરતાની મૂર્તિ જેવા ભવ્યાતિભવ્ય મંગળ મંદિરને અવલોકીને અતિશય આનંદ થયો. એ અદૃષ્ટપૂર્વ મંદિરના દર્શનથી અંતર ઉછળવા લાગ્યું. મંદિરની અંદરના અસંખ્ય સ્થંભ એમની ચિત્રવિચિત્ર ચિત્તાકર્ષક કળા, મનહર મંત્રમુગ્ધકારિણી મૂર્તિઓ, એ સઘળું સુંદર, અદ્ભુત અને આશ્ચર્યચકિત કરે

તેવું હતું. મંદિરમાં સામે જ ભગવાન શંકર વિરાજેલા. એમના દર્શનથી અમને અત્યાધિક આનંદ થયો. અમારી યાત્રાપરિપૂર્ણતા પર પહોંચી તથા કૃતાર્થ થઈ.

બીજે દિવસે સવારે મંદિરમાં દર્શન માટે ગયા. મંદિરમાં પ્રવેશતાંવેત ભગવાન રામેશ્વરનો હાર મળ્યો. ભગવાને એવી રીતે પોતાના ક્ષુલ્લક પ્રેમીને પોતાનો પ્રેમ પ્રદર્શાવીને આવકાર્યાં; સાંજે સહુ રામજરૂખાના દર્શન માટે નીકળ્યાં. માર્ગમાં આવતા હનુમાન મંદિરમાં ચોળાનો પ્રસાદ પણ મળ્યો.

રામજરૂખાનો માર્ગ ફૂલથી ઢંકાયલો, લાંબો ને કષ્ટસાધ્ય છે. અમે જરૂખા પર પહોંચ્યા ત્યારે સૂર્યાસ્તનો સુભગ સમય શરૂ થઈ ચૂકેલો. કહેવાય છે કે આ જરૂખા પર બેસીને ભગવાન રામ સૌની સલામી ઝીલતા.

રામઝરોખે બૈઠકર સબકા મુજરા લેત,
જાકી જૈસી ચાકરી વૈસા હી ફળ દેત.

જગતના અદૃષ્ટ ઝરૂખા પર બેઠેલા ભગવાનનું પણ એવું જ છે ને? એ પણ જુદા જુદા જીવોને કર્માનુસાર ફળ પ્રદાન કરે છે.

રામેશ્વરધામમાં અમારી જ ધર્મશાળામાં ઉતરેલા એક પ્રૌઢાવસ્થા પ્રાપ્ત વિદ્વાન સંન્યાસી મહારાજનો મેળાપ થયો. એમણે એમના કષ્ટ ને કલેશની કરુણ કથની કહી બતાવી. યુવાવસ્થામાં તે રતલામ પાસેના પોતાના જન્મસ્થાનમાં રહેતા. ત્યાં ઋષિકેશના એક સમૃદ્ધ સુપ્રસિદ્ધ આશ્રમના અધ્યક્ષ સ્વામી જનાર્દન સરસ્વતી એકવાર ચાતુર્માસ કરવા આવ્યા. સ્વામી પ્રકાંડ પંડિત, મહાન મેધાવી તથા શાસ્ત્રજ્ઞ હતા. એ અદ્વૈત સિદ્ધાંતમાં અભિરુચિ રાખવાની સાથે મંત્રતંત્રમાં પણ રસ લેતા. એમણે આપણા આ ભાવિ સંન્યાસી પરંતુ તે વખતના પરમ નિષ્ઠાવાન પરમ પાંડિત્યપૂર્ણ સેવાભાવી શુદ્ધ



મનના પંડિત પર કોઈક વિલક્ષણ પ્રયોગ કર્યો. એ પછી થોડી વારે જનાર્દન સ્વામી મૃત્યુ પામ્યા ને બ્રહ્મરાક્ષસ બન્યા. છેલ્લા વીસ જેટલા વર્ષોથી એ સંન્યાસી મહારાજને દેખાતા, અશાંત અશાંત કરતા, ભ્રમિત ચિત્ત બનાવતા ને કલેશ પહોંચાડતા. એમના મન પર બ્રહ્મરાક્ષસના રૂપમાં રહેલા જનાર્દન સ્વામીજીએ કાબુ કરેલો અથવા અધિકાર જમાવેલો.

મેં એમને પૂછ્યું: એ તમને શા માટે ડરાવે છે? હેરાન કરે છે કે કલેશ પહોંચાડે છે? તમે એનો શો અપરાધ કર્યો છે? એટલી બધી વિદ્વત્તા મેળવીને પણ બ્રહ્મરાક્ષસના સ્વરૂપમાં રહેલા જનાર્દન સ્વામીની મુક્તિ મેળવવાની ઇચ્છા નથી?

'ના, એ મુક્તિની ના પાડે છે. કહે છે કે આ યોનિમાં અનિર્વચનીય આનંદ છે.'

એ સંન્યાસી મહારાજ ખૂબ જ દુઃખી હતા. તેમણે વિશેષમાં કહ્યું: 'મે તમામ ધર્મપુસ્તકો વાંચ્યાં છે. બ્રહ્મસૂત્ર ઉપનિષદ્ તો વારંવાર વાંચ્યાં છે. પરંતુ હવે મારું જીવન બીજે પાટે ચઢી ગયું છે, તેનું મને દુઃખ છે. ઈશ્વરને રોજ પ્રાર્થના કરું છું કે મને આ કલેશમાંથી મુક્તિ મળે અને પ્રકાશ તથા પ્રશાંતિની પ્રાપ્તિ થાય.'

મેં કહ્યું: 'હું પણ તમારા માટે પ્રાર્થના કરીશ. બીજું તો અત્યારે કશું નહિ કરી શકાય. ભવિષ્યમાં તમને મદદ કરી શકે એવા કોઈક ઉપાસક મળશે તો તેનું ધ્યાન રાખીશ. એમને સંતોષ થયો.

ત્યાંથી અમે મદુરાની મુલાકાત લીધી.

રામેશ્વરના પ્રખ્યાત મંદિરની પેઠે મીનાક્ષીદેવીનું મંદિર પણ ખૂબ જ વિશાળ ને મોટું છે. રામેશ્વરના મંદિર કરતાં યે એ મંદિર વધારે વિશાળ છે. મંદિરની અંદર સુંદર ચિત્તા-

કર્ષક તળાવ છે. મંદિરની મૂર્તિઓ અસંખ્ય આહ્લાદક અને અસાધારણ શિલ્પકળાથી સંપન્ન છે. દક્ષિણ ભારતનાં મંદિરો અત્યંત આકર્ષક, ઊંચા, સુંદર અને સુવિશાળ છે. વિધર્મી વિરોધી આક્રમણના આઘાતોથી એકદમ અલિપ્ત રહેવાને લીધે એમની કળામય કાયા અક્ષય અથવા અખંડ રહી છે. મીનાક્ષી મંદિરની ભવ્યતા જોઈને અવાક બની જવાય છે. મંદિરમાં ક્યાંય ગંદકી નથી.

મદુરાથી અમે કન્યાકુમારી પહોંચ્યા. કન્યાકુમારી એટલે ભારતનો દક્ષિણ દિશા તરફનો છેડો. એક તરફ ધરતી ને ત્રણ તરફ પાણી અરબી સમુદ્ર, હિંદી મહાસાગર તથા બંગાળનો ઉપસાગર એ ત્રિવિધ જુદા જુદા જલભંડારો ત્યાં એક બને છે. કન્યાકુમારીના મંદિરમાં ધોતીયું પહેરીને પ્રવેશી શકાય છે. મંદિરની મૂર્તિ ખૂબ જ સુંદર છે. મંદિરમાં દીપમાળા કરવાની કળા અનોખી હોય છે. મંદિરમાં ઊભા રહીને મેં મારી સાધનાની સફળતા ને દેશ તથા દુનિયાની શાંતિ તેમજ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. મદ્રાસ, મદુરા તથા કન્યાકુમારીની યાત્રા કરીને અમે દેવપ્રયાગના શાંતાશ્રમમાં પહોંચ્યા ત્યારે એક વિચિત્ર પ્રકૃતિના સાધુપુરુષની મુલાકાત થઈ. લાલઘૂમ આંખ, ખભે ઝોળી, હાથમાં લાકડી, ભગવાં વસ્ત્ર ને લાંબી દાઢી, એવું તેમનું રૂપ હતું.

પહેલાં તો તેમણે ગૌશાળાના ફંડની માંગણી કરી. સાધુના વ્યાપારી માનસનો પરિચય પહેલેથી જ મળી ગયો હતો. મેં તેને રૂપિયા આપવાની ના કહી. તેણે તરકીબ અજમાવી. તેણે કહ્યું: 'તમને કયા મંત્ર પર વધારે પ્રેમ છે ?'

'બધા જ મંત્ર પર સરખો પ્રેમ છે.' મેં જવાબ વાળ્યો.

'ઓમ્કાર પર પ્રેમ છે ?'

'હા.'



'તો જુઓ, તમારા જમણા હાથની પાછળ તે મંત્ર લખેલો મળશે.'

મેં જોયું તો કંઈ જ ન હતું. તેણે કહ્યું: 'કંઈ નથી ? વારુ, ડાબા હાથ પર જુઓ.'

ત્યાં ખરે જ કાળા રંગનો ઓમ્કાર લખેલો દેખાયો. મૂઠીની અંદર હથેલીમાં તેમજ બહાર બંને ઠેકાણે તે લખેલો હતો. થોડી વારે તેણે કહ્યું: 'એક રૂપિયો આપો.'

આટલું થયા છતાં પણ જતી વખતે માત્ર બે જ આના તેમને મળ્યા અને તે પણ તેમની જાદુ જેવી શક્તિને લીધે નહિ, પણ સાધુ છે ને તે માગે છે માટે, એવું તેમણે જોયું તો કંક ગુસ્સે થઈ ગયા ને છેવટે ચાલવા માંડ્યા.

ચાલતાં ચાલતાં તે બોલ્યા: 'મેં તમારી પાસેથી બે આના તો કઢાવ્યાને ! એટલી સફળતા તો મળીને !'

મેં કહ્યું: 'તમે તો બે આના જ કઢાવ્યા છે પણ બદલામાં મેં તમારો કેટલો બધો ક્રોધ કઢાવ્યો છે, તમારી નબળાઈ જેવી યાચનાને ને લોભવૃત્તિને છતી કરી છે એ કેમ નથી વિચારતા ? મારા તો બે જ આના ગયા છે પણ તમારી તો સારી સંપત્તિ-સાધુવૃત્તિ જતી રહી છે તેની ખબર પડી ?

તે શું બોલે ? ગુસ્સામાં ને ગુસ્સામાં તે વિદાય થયા.

(ક્રમશઃ)

## સુધારો

ડીસે. ૮૫ના અંકમાં જ્યોતિર્મયી વિશ્રામગૃહની સહાયમાં શ્રી રામશંકર કુલશંકર વ્યાસને બદલે શ્રી રામશંકર મૂળશંકર વ્યાસ વાંચવું.

કોઈપણ કાર્ય કરવા માટે—

તીવ્ર ઇચ્છા અને દૃઢ મનોબળ જોઈએ. જીવનને વધુ ને વધુ ઉદાત્ત બનાવવાનો અડગ સંકલ્પ એ જ દિશામાં માણસને લઈ જશે. આત્મશકિતનું ભાન થાય એ જ જરૂરી છે. જે ક્ષણે આપણી સત્તાનું આપણને ભાન થાય છે એ જ ક્ષણે સંજોગો આપણા ગુલામ બની જઈને આપણા હુકમની રાહ જોતા ઊભા રહી જાય છે.

(જીવનનું સાચુ સુખ)

જીનવાલા એન્જીનીયર્સ

૬૭૬, જી. આઇ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા રોડ, વડોદરા–૧૦



# રામકથા

યોગેશ્વરજી

[યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા]

આ સદુપયોગ કહેવાય કે દુરુપયોગ ?

'સદુપયોગ, તમારી આંખમાં કમળો થયો હોવાથી ભલે દુરુપયોગ, દેખાતો હોય, પરંતુ મે તો મારી સ્વતંત્રતાનો સદુપયોગ જ કર્યો છે.

'કેવી રીતે સદુપયોગ કર્યો છે ?'

તમારા બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા હું નથી બંધાયેલી. મારી સાથે ચર્ચામાં ઉતરીને તમે કશોય કસ નહિ કાઢો. મારી માગણી એકદમ અફર છે. અને તમને તે મંજૂર ના હોયતો ના કહી દો.

'પરંતુ તું આટલી બધી ક્રૂર કેમ બની છે ? જરા વિચાર તો કરી જો કે રામે તારો કોઈ અપરાધ કર્યો છે કે તું એમને આવો અનુચિત દંડ દેવા તૈયાર થઈ છે ?'

'મેં પૂરેપૂરો વિચાર કરી લીધો છે. હવે વિચારવાનું કશું બાકી નથી રહેતું. એ વિચાર કરીને જ વરદાન માગવાનો નિર્ણય કર્યો છે. રામે કોઈ અપરાધ કર્યો છે કે નથી કર્યો એ જુદી વાત છે. અપરાધ ના કર્યો હોય તોપણ હું એમને વનવાસ આપી શકું છું. રામને બદલે મારા સુપુત્ર ભરતનો રાજ્યાભિષેક થાય ને રામ વનમાં જાય એવી મારી માગણી છે. તમે એકવાર વચન આપી ચૂકયા હોવાથી હવે તમારાથી નહિ ફરી શકાય.'

'આહાહા, આ હું શું સાંભળી રહ્યો છું ?' દશરથ કરુણ આક્રંદ કરતા બોલી ઉઠ્યા : 'વિધાતા, તે આ શું કર્યું ? કૈકયી તો મારા પર અકારણ કુપિત થઈ છે. પરંતુ તે પણ મારા પર શા માટે કોપ કરવા માંડયો છે ?

તે આ શું કરવા ધાર્યું છે ? રામને વનવાસ ? મારાથી રામને

વનવાસ કેવી રીતે આપી શકાય? રામે મારુ કે કોઈનું શું બગાડ્યું છે? મારા મુખમાંથી એમને માટે વનવાસની આજ્ઞા કેવી રીતે નિકળે? એના કરતા તો હું મરવાનું જ વધારે પસંદ કરું, કૈકેયી, તું હજી પણ સમજી જા. ભરતના રાજ્યાભિષેકની તારી માગણી સ્વીકારી લઉં છું. તું એટલાથી રાજી રહે ને રામના વનવાસની વાત પડતી મૂક નહી તો મારો પ્રાણ નહી રહે. મારું જીવન પૂરું થશે. તું મને દુઃખના દરીયામાં નાખી દઈને અકાળે જ મારી નાખીશ.'

દશરથના કરુણ આક્રંદ તથા વેદનામય વચનથી ગમે તેવું પથ્થર દિલ પણ પીગળી જાય તેમ હતું, છતાં પણ કૈકેયી પર એની કશી જ અસર ના થઈ.

એ સહેજ પણ ના પીગળી ને બોલી: 'વરદાન આપવાનું કહેતી વખતે જરા પણ વિચાર ના કર્યો ને હવે ખરેખર આપવાનો અવસર આવ્યો ત્યારે અફસોસ કરવા માંડ્યાં ને બહાના બતાવીને રડવા લાગ્યા. પરંતુ શોકથી હું જરા પણ ચલિત નથી થવની. અત્યારે તમારી ધર્મપરાયણતાની કસોટી થઈ રહી છે. એ કસોટીમાંથી તમે પાર ઉતરો છો કે નહી એ હું તો જોઈ લઈશ પણ સાથે આખી અયોધ્યા જોશે. મારે તો મે માગેલા બંને વરદાન સાથે જોઈએ છે. બંને વરદાન સાથે?

'હા.'

દશરથ વધારે ના બોલી શકયા. એ મૂર્છિત થઈને ધરતી પર ઢળી પડ્યાં. કૈકેયીનું હૈયું એ કરુણાતિકરુણ દૃશ્ય દેખીને પણ લગારે ના હાલ્યું. પોતાની બાજી સફળ થવાને લીધે એ દુઃખી બનવાને બદલે પોતાના મનમાં હરખાઈ રહી, અને આવી સરસ યુક્તિ બતાવવા બદલ મંથરાનો મનોમન આભાર માનવા લાગી. દશરથની શેષ રાત એવી રીતે એકાએક પડેલા ભારે દુઃખમાં વીતી ગઈ. વચ્ચે વચ્ચે ભાન આવતા એ 'હે રામ, રામ' કરતાં નિસાસા નાખતા અને શોક કરતા, કૈકેયીને પ્રાર્થતા કાકલૂદી



કરતા તથા સમજાવતા પણ ખરા. પરંતુ કૈકેયી તો એના ઈપ્સિત મનોરથની માળા બનાવવામાં જ મશગુલ રહી. દશરથની પ્રાર્થના કે પીડાનો એના પર કશો જ પ્રભાવ ના પડી શક્યો.

સવાર થતા સુમંત્ર મંત્રીને બોલાવીને એણે રામને મોકલવાની સૂચના કરી.

સુમંત્ર મંત્રી દશરથની દશા દેખીને ચિંતામાં પડી ગયા.

એમને સમજાયું નહી કે રાજાને આ શું થયું. અંદરના રહસ્યનો ઉકેલ એ ના કરી શક્યા. છતાપણ કશાક એકાએક આવી પડેલા અમંગલની આશંકા તો એમને થઈ જ. એમનો સંદેશ સાંભળીને રામ, દશરથ તથા કૈકેયી પાસે આવી પહોંચ્યાં. એમની સાથે લક્ષ્મણ પણ હતા. દશરથની દશા દેખીને બંનેને ખુબજ દુઃખ થયું.


રામે એનું કારણ પૂછ્યું. તો કૈકેયીએ કઠોર સ્વરમાં કહી બતાવ્યું. 'એમની દુઃખમય દશાનું કારણ બીજું કશું જ નથી પરંતુ ફક્ત એક જ છે. એમનો મારા પ્રત્યેનો મોહ.'

'એમનો મારા પ્રત્યેનો મોહ?' રામ કાંઈ સમજી ના શક્યા; એ પ્રેમ કે મોહ તો સ્વાભાવિક છે, અને વરસો જૂનો છે. એથી એમની અવસ્થા એકાએક આટલી બધી કરૂણ કેવી રીતે બની ગઈ?

'કેવી રીતે?'

કૈકેયીએ રાતની બધી હકીકત સંભળાવીને પૂછ્યું: 'તમારે માટેનો મોહજ એમને દુઃખી કરી રહ્યો છે કે બીજું કાંઈ? એ મોહ સત્ય તથા ધર્મના પાલનની વચ્ચે આવી રહ્યો છે. મેં મારા બે વરદાન માગી લીધાં, અને એ પણ એમના ઉપરા ઉપરી કરાયેલા આગ્રહને લીધે માગી લીધાં, એટલામાં તો એમની દશા કફોડી બની ગઈ છે. હવે તો ધર્મનો વિચાર કરીને તેમજ એમને કાંઈક સમજાવો ને શાંતિ આપો. મારા માગેલા વરદાન પ્રમાણે હવે તમારો રાજ્યાભિષેક નથી થવાનો. રાજ્યાભિષેક ભરતનો થશે ને તમારે વનમાં જવાનું રહેશે.' (ક્રમશઃ)

દર મહિને રૂા.૧૦૦
છ વર્ષ સુધી બચાવો
અને
જિંદગીભર દર મહિને
રૂા.૧૦૦ મેળવો



કેવી રીતે ? બહુ સીધી વાતે:
રાષ્ટ્રીય બચત પત્રોની
છઠ્ઠી શ્રેણીમાં



છ વર્ષે આ રકમ બમણી થાય છે.
એટલે કે.રૂા.૧૦૦ના
રૂા. ૨૦૧-૫૦ પૈસા થાય;
એમાંથી રૂા. ૧૦૧-૫૦ પૈસા તમે લઈ લ્યો.
અને બાકીના રૂા. ૧૦૦ દર મહિને
ફરીથી આ બચત યોજનામાં જમા કરાવો.
આમ દર મહિને તમને રૂા. ૧૦૦ મળ્યા કરશે.

આવા બચતપત્રો રૂા. ૧૦,
૫૦, ૧૦૦, ૫૦૦, ૧૦૦૦, ૫,૦૦૦
અને ૧૦,૦૦૦ ના મૂલ્યમાં મળે છે.

વાર્ષિક ૧૨ ટકા કરમુક્ત ચ.વૃ. વ્યાજ

-સચિવ, નાની બચત અને
રાજ્ય લૉટરી,ગુજરાત.

## આજીવન સભ્યો

અધ્યાત્મના વાંચકોમાંથી પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાથી આજીવન સભ્યો નોંધાતા જાય છે. નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૮૪૯ | શ્રી રમણીકભાઇ પી. વોરા, ભાવનગર. | ૨૫૧ |
| ૮૫૦ | શ્રી રતિલાલ એમ. જાદવ, મોરબી. | ૨૫૧ |
| ૮૫૧ | ડૉ. ધર્મેશકુમાર દુલેરાય ઓઝા, મોરબી. | ૨૫૧ |
| ૮૫૨ | દિલીપકુમાર હરિદાસ પલેજા, મોરબી. | ૨૫૧ |
| ૮૫૩ | કુંદનબેન ભાઇશંકર મહેતા, મોરબી. | ૨૫૧ |
| ૮૫૪ | રજબઅલી પીરભાઇ બગથળિયા, મોરબી. | ૨૫૧ |
| ૮૫૫ | વસંતલાલ ગીરધરલાલ સોનેજી, મોરબી. | ૨૫૧ |
| ૮૫૬ | આણંદસિંહજી પી. સરવૈયા, મોરબી. | ૨૫૧ |
| ૮૫૭ | બલવંતરાય દયાશંકર રાવલ, મોરબી. | ૨૫૧ |
| ૮૫૮ | જે. બી. નાયક, સુરત. | ૨૫૧ |
| ૮૫૯ | કે. જી. નાયક, સુરત. | ૨૫૧ |
| ૮૬૦ | ચુનીલાલ નાનજીભાઇ પટેલ, મોરબી. | ૨૫૧ |
| ૮૬૧ | કરમશીભાઇ ભીમજીભાઈ પટેલ, મોરબી. | ૨૫૧ |
| ૮૬૨ | વિઠ્ઠલભાઇ જી. સનિયારા, મોરબી. | ૨૫૧ |
| ૮૬૩ | લીલાપર પોટરીઝ, મોરબી. | ૨૫૧ |
| ૮૬૪ | લાયબ્રેરી, પટેલ કન્યા છાત્રાલય. | ૨૫૧ |
| ૮૬૫ | એમ. જે. પુરોહિત, સુરત. | ૨૫૧ |
| ૮૬૬ | કમલેશ મનુભાઇ સારંગ, સુરત. | ૨૫૧ |
| ૮૬૭ | જયશ્રીબેન શશીકાંત આસ્માની, સુરત. | ૨૫૧ |
| ૮૬૮ | સુશીલાબેન જયંતિલાલ, સુરત. | ૨૫૧ |
| ૮૬૯ | કુમુદચંદ્ર એમ. ત્રિવેદી, અમદાવાદ. | ૨૫૧ |
| ૮૭૦ | રમાકાંત મગનલાલ પંડ્યા, મુંબઇ. | ૨૫૧ |
| ૮૭૧ | જીતેન્દ્ર એમ. પારેખ, ભરૂચ. | ૨૫૧ |
| ૮૭૨ | ભાસ્કરભાઇ એમ. દેસાઇ. નવસારી. | ૨૫૧ |

# જીવન અને અધ્યાત્મ

અંગ પરંતુ આત્મા ના હોય,
સરિતા છતાં સલિલ, ફૂલ છતાં ફોરમ,
મધ છતાં મધુતા,
તપસ્વી છતાં તપ ના હોય,
સિતારી છતાં સ્વરની સૃષ્ટિ,
વરસાદની વાદળી છતાં વૃષ્ટિ,
સ્નેહ છતાં સૃષ્ટિ, પ્રજ્ઞા છતાં પરિતૃપ્તિ ના હોય,
મધુર મનમોહક મુખ મંડળમાં આંખ ના હોય,
પંખી છતાં પાંખ ના હોય,
પુરુષ છતાં પુરુષાતન, સ્ત્રી છતાં સ્ત્રીત્વ જ ના હોય,
બીજ, બળદ, હળ, જમીન, જળ છતાં ખેડૂત ના હોય,
ઢીલ દેનાર તોપણ લેનાર, લેનાર તોપણ દેનાર ના હોય,
સોહામણું સ્વર્ણશિખર ધ્વજ, પૂજારી સઘળું હોય,
કિન્તુ મંદિરમાં મૂર્તિ જ ના હોયઃ
એવું જ અર્થહીન અનાથ એકાકી લાગે છે જીવન
જેમાં બીજું બધું જ હોય, કિન્તુ અધ્યાત્મ ના હોય.

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરતળાવ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧